A GARLAND OF STORIES

Reg No. 10-7-58

સદ્બોધ વાર્તામાળા

(મણકો ૧ લો)

56

કિંમત ૦-૩-૦.

A GARLAND OF STORIES.

સદ્બોધ વાર્તામાળા.

(મણકો ૧ લો).

રચી પ્રસિદ્ધ કરનાર,

દિપસિંહ શામભાઈ;

'પવિત્ર શાસ્ત્રને લગતો વિશેષનામ કોષ'નો કર્તા.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

સુરત.

આઇરિશ મિશન છાપખાનામાં એચ. આર. સ્કોટે છાપી.

ઈ. સ. ૧૯૧૩.

કિંમત ૦–૩–૦.

DEDICATED

To

THE REVD. G. P. TAYLOR M. A., D. D.
Principal, Stevenson College, and Honoured and Learned Missionary of the I. P. Mission of Gujarat.
Ahmedabad.

REVD. SIR,

IN loving remembrance of the knowledge of divinity that I received from you while studying under you at the Stevenson College, and of the uniform kindness you showed to me, and in memory of the distinguished title of '**Kaisar-e-Hind**' conferred upon you at the Coronation Darbar at Delhi by His Gracious Majesty George V's own hands, it affords me much pleasure to dedicate to you with esteem and gratitude this little book of moral tales entitled 'Sadbodh Wārtāmālā' or a garland of instructive stories. By accepting it you will highly oblige,

Your ever grateful Servant,
DIPSINGH SAMBHAI.

અર્પણપત્રિકા.

ગુજરાતની આઇ. પી. મિશન મંડળીઓના
માનવંતા વિદ્વાન મિશનેરી
અને
સ્ટીવન્સન કૉલેજના પ્રિન્સિપાલ સાહેબ

રેવ. જી. પી. ટેલર, એમ. એ., ડી. ડી.

અમદાવાદ.

સ્ટીવન્સન કૉલેજમાં અભ્યાસ કરતાં ઇશ્વરજ્ઞાન વિદ્યાનું જે ઉત્તમ જ્ઞાન આપ તરફથી મને પ્રાપ્ત થયું છે તે, તથા આપના થએલા અનેક ઉપકારો યાદ કરતાં, આપને દીલ્હીના 'કોરોનેશન' દરબારમાં નામદાર શહેનશાહ પંચમ જોર્જના મુબારક હાથે જે 'કૈસર-ઈ-હિંદ' નો માનવંતો ખેતાબ એનાયત કરવામાં આવ્યો છે, તેના સ્મરણાર્થે આ ધાર્મિક વાતોથી ગુંથેલી સુંદર 'સદ્બોધ વાર્તામાળા' માન અને કૃતજ્ઞતાપૂર્વક આપને આરોપવામાં સેવક મોટો આનંદ ગણે છે, તે સ્વીકારી સેવકને આભારી કરશો.

આપનો બહુ આભારી
સેવક,
દિપસિંહ શામભાઇ.

પ્રસ્તાવના.

આ નાના પુસ્તકમાં મારા વાંચવા સાંભળવામાં અને અનુભવમાં આવેલી એકસો ટુંકી ટુંકી વાર્તાનો સંગ્રહ કરવામાં આવ્યો છે, જેનો મોટો ભાગ ઐતિહાસિક છે. આ વાર્ત્તાઓ ઘણી અસરકારક હોય, કેટલાંક ધર્મ સિદ્ધાંતોનો ખુલાસો કરનાર અને ધર્મ બોધથી ભરેલી છે એટલુંજ નહિ પણ ઘણી ખરી વિદ્વાનોના મુખથી ઉતરેલી છે.

બોધક અને શોધક, શિક્ષક અને શિષ્ય, વિદ્વાન અને અવિધ, નાના અને મોટા અને ખ્રીસ્તી તેમજ વિધર્મી સર્વેને આ નાનું પુસ્તક લાભકારક છે.

ખાસ કરી વિદ્યાર્થીઓ તેમજ શોધકોમાં આ નાના પુસ્તકનું વાંચન થાય તો કર્તા આશા રાખે છે કે તેથી વધતો ઓછો આત્મિક લાભ થયા વગર રહેશે નહિ.

જો આપણા ખ્રીસ્તી મંડળથી તેમજ આગેવાન સાહેબોથી આ નાના પુસ્તકને વધતું ઓછું ઉત્તેજન મળશે તો ઇશ્વરેચ્છા બીજી એક સો વાર્તાનો બીજો મણકો વાંચનારની સેવામાં મૂકવા કર્તા ઉમેદ રાખે છે.

ઝનાના મિશનેરી બાનુ, મિસ આર્નલ્ડ સાહેબે તથા સુરત મિશન હાઇસ્કુલના સુપ્રિન્ટેન્ડેન્ટ મિ. બોસ સાહેબે આ પુસ્તકને ઉપયોગી કેટલાંક ચોપાનિયાં પુરાં પાડવાની મહેરબાની કરી છે, માટે તેઓ સાહેબોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

તા. ૪-૧૦-૧૩. કર્ત્તા,

અરેઠ, પોસ્ટ, બોધાન. દિપસિંહ શામભાઈ.

અનુક્રમણિકા.

સદ્બોધ વાર્તામાળા.

૧. "સત્ય ખરીદ અને તેને ન વેચ."

મહાન જ્ઞાની સુલેમાન આપણને કહે છે કે "સત્ય ખરીદ અને તેને ન વેચ." એવું કહેવાનું શું કારણ હશે? કારણ એ છે કે જો આપણે તેને વેચી નાખીએ તો ફરીને તે મૂલ્યવાન ચીજ ખરીદી શકાય તેમ નથી. સત્યનું દરેક વચન સોના કરતાં મૂલ્યવાન છે. આપણે તેની સાથે જીવીએ અને તેની સાથે મરીએ. નાઓમીની માફક કહીએ કે "જ્યાં તું જશે ત્યાં હું જઇશ; જ્યાં તું રહેશે ત્યાંજ હું રહીશ; મોત સિવાય બીજું કંઇ મને તારાથી" જૂદો નહિ પાડશે. કોઇ પણ માણસ કાયદાપૂર્વક પોતાનું ઘરબાર, જમીન અને ઘરેણાં વિગેરે વેચી શકે પણ સત્ય, તે એ કિમ્મતવાન ઘરેણું છે તે તેણે નહિ વેચવું જોઇએ. તે આપણો સર્વકાળનો મૂલ્યવાન વારસો છે, માટે મૂલ્યવાન મોતી શોધનારની માફક (માત્થી. ૧૩; ૧૫.) પોતાનું સર્વસ્વ ખોઇને પણ તે વેચાતું લેવું; કેમકે એથી કરીને માણસ સુખમાં રહી શકે છે ને દિલાસામાં મરણ પામી સર્વકાળ રાજ્ય કરે છે.

૨. આત્મિક શક્તિનું અભ્યંતર મહાન બળ.

કેટલાંક વર્ષ ઉપર અમેરિકાના ન્યૂયોર્ક શહેરની પૂર્વમાં આવેલી નદીનો સમુદ્ર સુધીનો વહાણનો માર્ગ બહુજ વિકટ હતો. ઘણા ઘણા ટેકરા અને ખડકોથી વહાણને જવું બહુજ મુશ્કેલ હતું, એ કારણને લીધે આ જગ્યાનું નામ

'હેલગેઇટ' એટલે નર્કનો રસ્તો કે નર્કનું દ્વાર એવું પાડવામાં આવ્યું હતું. પણ ત્યાર પછી ત્યાંની સરકારે ઘણું ખરચ કરીને આ 'હેલગેઇટ'ને તોડી પાડવાને અને રસ્તો ખુલ્લો કરવાને યોજના કીધી. એક મોટી સુરંગ ઘણા ખરચ સાથે ગોઠવવામાં આવી. સુરંગ તૈયાર થતાં તે ફોડવાનો મુકરર દિવસ અગાઉથી જાહેર કરવામાં આવ્યો, કે જેથી કરીને નદી પર આવેલાં આજુબાજુનાં ગામડાંનાં માણસો ખસી જાય. આ મહાન સુરંગ વિષે કોઇ પણ ખાતરીથી કહી શકતું નહોતું કે પરિણામ શું આવશે. સુરંગનું બધું કામ પૂર્ણ થયા પછી સુરંગથી કેટલેક છેટે એક યંત્ર ગોઠવવામાં આવ્યું હતું અને યંત્ર ઉપર એક બટન લગાડવામાં આવ્યું હતું કે જે દાબવાથી ઉપલું મહાભારત કાર્ય બનવાનું હતું. આ સુરંગનું કામ જનરલ ન્યુટન સાહેબના હાથમાં હતું, તેથી જનરલ ન્યુટન સાહેબે આ બટન દાબવાનું કામ પોતાની દસ વર્ષની દીકરીને સોંપ્યું. આ નાની છોડીએ પોતાની નાની કોમળ આંગળી બટન પર મુકી ને દાબી કે તુરત બહુ મોટો ભયંકર ધડાકો થતાં 'હેલગેઇટ' ખુલ્લો થઇ ગયો. અને નદીના તળીઆનું પાતાળ ફુટતાં પાણીનો મહાન મોટો ઝરો ફુટી આવ્યો અને કામ પૂર્ણ થયું એ રીતે મોટી બોટોનો માર્ગ નિર્ભયતાથી જવાને ખુલ્લો થયો.

આ કામ શું નાની છોડીએ કીધું? આ મહાભારત કામની સાથે સરખાવતાં નાની છોડી તે શા વિસાતમાં? કંઇ નહિ. એજ પ્રમાણે આ જગતમાં આત્મિક શક્તિની સાથે જોડાતાં એક નાનું બાળક ન્યુટન સાહેબની દીકરીની માફક મહાભારત કામ કરી શકે છે. આ આત્મિક શક્તિનું મહાન બળ પ્રભુ ઇસુની સાથે જોડાવાથી કોઇપણ માણસને મળી શકે છે.

૩. ખ્રીસ્તી માણસનું મહાન બળ.

અમેરિકા દેશની એક મુલકી લડાઇ વખતે એક અંગ્રેજી દરિયાઇ વહાણ એકસંપી સિપાઇઓનો મોટો કાફલો લઇ રણભૂમિ પર ગયું. લડાઇમાં અંગ્રેજી લશ્કર હાર પર આવ્યું ત્યારે અંગ્રેજી સૈન્યનો શૂરવીર સરદાર વિલ્યમ પોતાના સૈન્યની આગળ ધસી જઇ આવેશભેર બોલ્યો, "ગૃહસ્થો, હું તો માત્ર એક ખલાસી છું પણ આપ લોકોએ ભૂલી નહિ જવું જોઇએ કે જે ઝંડા નીચે હું ઉભો છું તેમાં ઈંગ્લાંડનું સર્વ લશ્કરી તેમજ દરિયાઇ કાફલાનું બળ રહેલું છે. જો તમો મને મારી નાખશો તો તમો ઈંગ્લાંડના મહાન બળને મારી નાખો છો" એજ પ્રમાણે ખ્રીસ્તી માણસની પાછળ પરાત્પર દેવનું પરાક્રમ રહેલું છે. જો આપણે પાછા હઠીએ તો તે પરાક્રમને બટ્ટો લગાડીએ છીએ. "માટે ઇસુ ખ્રીસ્તના સારા સૈનિકના" જેવા થઇ બહાદુરીથી તેને અર્થે લડો.

૪. "સારૂં નામ."

એવી એક વાર્તા ચાલે છે કે માન, પ્રીતિ અને મરણ એ ત્રણેએ આખી પૃથ્વી પર મુસાફરી કરવાનો ઠરાવ કર્યો. એવી રીતે કે દરેકે જુદી જુદી દિશામાં પર્યટણ કરવું. જ્યારે તેઓ એક બીજાથી જૂદા પડી નિકળવાની તૈયારીમાં હતા ત્યારે તેઓએ એકબીજાને મળવાનું ઠેકાણું દર્શાવ્યું. મરણે કહ્યું,–લડાઇઓમાં, ઇસ્પીતાલોમાં અને દુકાળ કે મરકીની જગ્યામાં હું મળી આવીશ. પ્રીતિએ કહ્યું,—અનાથ અને ગરીબ માણસોનાં બાળકોમાં, લગ્નમાં, મિજબાનીઓમાં અને સદ્ગુણી સેવકોમાં હું મળી આવીશ. પછી તેઓએ માનની વાત સાંભળવાની ઘણી રાહ જોઇ પણ તે કંઇ બોલ્યો નહિ. પછી તેઓએ માનને કહ્યું કે, તમારી મળવાની જગ્યા

કેમ તમો બતાવતા નથી? ત્યારે માન ઉદાસ થઇ બોલ્યો, મારો જાતિસ્વભાવ એવો છે કે હું એકવાર કોઇ પણ માણસમાંથી નિકળી જાઉં તો ફરીને કદી પાછો ફરતો નથી. એ પરથી શિખી શકીએ છીએ કે માન કે ઇતબાર યા સારૂં નામ એકવાર ગુમાવ્યું તો ફરીને તે કદી મળતું નથી. "સારૂં નામ એ પુષ્કળ ધન કરતાં...ઇચ્છવા યોગ્ય છે." (દ્દષ્ટાં. ૨૨ ; ૧).

૫. શુદ્ધતા.

શુદ્ધતા કે પવિત્રાઇ તે માણસના આત્માનો પોષાક છે. મૂળ વગરનું ઝાડ જેમ ઉખડી જાય છે, સૂર્ય વગરની પૃથ્વી જેમ અંધકારમય છે, ઝરા વગરની નદી જેમ સુકાઇ જાય છે. પાયા વગરની ઇમારત જેમ પડી જાય છે, તેમ શુદ્ધતા વગર માણસનો આત્મા નાશ પામે છે. સત્ય ધર્મ માણસમાં જે મહાભારત કામ કરે છે તે એ છે કે, શુદ્ધતા કે પવિત્રાઇ તેના આત્મા ઉપર આકર્ષણ કરે છે અને જેઓ પર એ આકર્ષણ થતું નથી તેઓનો ધર્માચાર વ્યર્થ છે.

૬. તેના જેવું કોઇ નથી.

પ્રમાણિકતા જેવી કોઇ શુદ્ધતા નથી! ઉદારતા જેવી કોઇ મધુરતા નથી! ડહાપણ જેવું કોઇ ધન નથી! પ્યાર જેવી કોઇ ગરમી નથી! સદ્‌ગુણ જેવું કોઇ તેજ નથી! વિશ્વાસ જેવું કંઇ મજબૂત નથી! અને ખ્રીસ્ત ઇસુ જેવો કોઇ તારનાર નથી!!

કૃત્યો તે તમારા વિચારોનું ફળ છે.
આદતો તે તમારાં કૃત્યોનું ફળ છે.
વર્તણુક તે તમારી આદતોનું ફળ છે.
તમારૂં ભવિષ્ય તે તમારી વર્તણુકનું ફળ છે.

૭. બ્રિટિશ વાવટાનું મહત્વ.

થોડાં વર્ષ ઉપર દક્ષિણ અમેરિકામાં સ્પેન સરકારને તાબે આવેલાં શહેરોમાંના કોઇએકમાં બ્રિટિશ રૈયતમાંના એક માણસને સ્થાનિક ફિતુરમાં ભાગ લેવાનો આરોપ મુકતાં કેદ કરવામાં આવ્યો. અને ત્યાર બાદ કેસ ચાલતાં એવો ફેસલો મળ્યો કે તેને ગોળીબાર કરી ઉડાડી મુકવો. પછી તેને ગોળીબાર કરવા માટે બંદુકોથી સજ થએલા સિપાઇઓની હાર સામે ખડો કરવામાં આવ્યો. પણ બ્રિટિશ એલચી અને અમેરિકાનો એલચી આ વાતને વિરૂદ્ધ હતા, તેથી જેવો લશ્કરી અમલદાર સિપાઇઓને બંદુક ફોડવાનો હુકમ આપે છે તેવોજ બ્રિટિશ એલચી બંધવા તરફ તુટી પડયો અને તેને તથા પોતાને બ્રિટિશ વાવટામાં લપેટી બોલ્યો કે 'ખબરદાર! હવે બાર કરો તો.' અને બીજી બાજુ પર અમેરિકાનો એલચી પોતાના રાજ્યવાવટા સાથે તેની બીજી બાજુ જઇ ઉભો રહ્યો. આથી પરિણામ એ આવ્યું કે સિપાઇઓએ હથિયાર નીચે મુકયાં અને પેલા બંધવાને, બ્રિટિશ રક્ષણમાં લેવામાં આવ્યો. જે પાપીઓ પ્રભુ ઇસુ ખ્રીસ્તને વિશ્વાસથી પોતાનો કરે છે તેમને માટે ઉપરનો દાખલો બહુજ બંધબેસ્તો છે. જે પાપીઓ પ્રભુ ઇસુના પુણ્યરૂપી પોષાકથી ઢંકાય છે તેઓ મરણદંડાજ્ઞાથી બચાવ પામે છે. "જેઓ ખ્રીસ્ત ઇસુમાં છે તેને કંઇ દંડાજ્ઞા નથી." તેઓ ઉપલા બંધવાની માફક મરણથી બચાવ પામી દેવનાં છોકરાંમાં દાખલ થઇ નિર્ભય થાય છે.

૮. આજ્ઞાંકિત થાઓ.

એક વખતે જર્મની દેશનો એક કપ્તાન પોતાના સૈન્યના ઉમેદવારોને લશ્કરી કવાયત શિખાડતો હતો. આ પ્રકારનું શિક્ષણ આપવાની જગ્યા સમુદ્રની પાસે આવેલી હતી.

સિપાઇઓ પોતાની કવાયત બહુ સારી રીતે કરતા હતા. પણ કપ્તાને વિચાર કર્યો કે તેમણે આજ્ઞાંકિત થતાં શિખવું જોઇએ. તે પરથી જ્યારે તેઓ સમુદ્ર પાસેના ક્ષેત્રમાં આમ-તેમ કવાયત કરતા હતા ત્યારે કપ્તાને સમુદ્ર તરફ કૂચ કરવાનો હુકમ આપ્યો અને જોવા લાગ્યો કે તેઓ ક્યાં સુધી આગળ વધે છે. સિપાઇઓ કૂચ કરતા હતા એવામાં હુકમ આપ્યો કે 'ઉભા રહો.' અને ત્યાર પછી બોલ્યો કે મારા તરફ મ્હો ફેરવો. કપ્તાન તેમના તરફ જોઇ બોલ્યો કે સીધી દિશામાં આગળ વધો. અને તેઓ એકદમ દરિયા તરફ કૂચ કરવા લાગ્યા. છેક પાણીની પાસે ગયા અને એકદમ ઉભા રહ્યા. કપ્તાન બોલ્યો શા માટે ઉભા રહ્યા? મેં તમને ઉભા રહેવાનું કહ્યું નથી! સિપાઇઓમાંનો એક બોલ્યો સાહેબ, અહીં તો પાણી છે. કપ્તાન ખીજવાઇને ગુસ્સામાં બોલ્યો "હું તમને કહું કે આગળ જાઓ ત્યારે પાણી હોય કે આગ હોય કે જે કંઇ હોય તેને બિલકુલ ગણકારવું નહિ." કપ્તાનની આ વાત ખરી હતી, કેમકે સિપાઇઓની પહેલામાં પહેલી મોટી ફરજ ઉપરીના હુકમને તાબે થવાની છે. ખ્રીસ્તના સૈન્યના ખરા સિપાઇઓની ફરજ એજ છે કે, ગમે તે હરકત હોય તે નહિ ગણકારતાં ખ્રીસ્તના હુકમને એકદમ તાબે થવું. કેમકે આપણી સઘળી હરકતો તે જાણે છે અને તેમાંથી છુટકાનો રસ્તો તે કરશે.

૯. પાપનું પ્રાયશ્ચિત્ત.

સઘળી દેશજાતિ અને સઘળા ધર્મોમાં એવી સ્વાભાવિક લાગણી જોવામાં આવે છે કે, એક માણસ બીજાનાં પાપ ઉઠાવી શકે. ત્રાવણકોરના મરહુમ મહારાજા જ્યારે મરણની છેલ્લી માંદગીમાં આવી પડ્યા ત્યારે એક માણસ રૂ. ૧૦,૦૦૦ લઇને તેમનાં પાપનો જવાબદાર થવાને કબૂલ થયો. ત્યાર

બાદ તેને મહારાજા પાસે લાવવામાં આવ્યો અને બ્રાહ્મણ લોકે એ કામને લગતી કેટલીક ધર્મક્રિયા કર્યા બાદ મહારાજા ખાટલામાંથી ઉઠી તેને નમ્રતાથી ભેટયા. અને ત્યાર પછી પેલા જવાબદાર થએલા માણસને ત્રાવણકોર દેશથી તીનેવેલી પ્રગણામાં જીંદગીભર દેશનિકાલ કીધો.

આ વાર્તામાં તો કેવળ પૂજારીઓની કલ્પના જોવામાં આવે છે, કેમકે "કોઇથી કોઇ પણ રીતે પોતાનો ભાઇ ખાંડી લેવાય નહિ અથવા તેને સારૂ દેવને પ્રાયશ્ચિત્ત અપાય નહિ" પણ આપણાં પાપનું પ્રાયશ્ચિત્ત કરનાર આપણ મનુષ્યજાત કરતાં ઉત્તમ હોવો જોઇએ અને તેવો, જેણે આપણું પ્રાયશ્ચિત્ત કર્યું છે તે વહાલો પ્રભુ ઇસુ ખ્રીસ્ત છે.

૧૦. કૃત્રિમ અને કુદરતી ફૂલનું જીવન.

કૃત્રિમ કે બનાવટી ફૂલો જ્યારે આપણા જોવામાં આવે છે ત્યારે કેવાં તાજાં, ભપકાદાર અને સુંદર દેખાય છે? અને દૂરથી આપણે ભાગ્યેજ ઓળખી શકીએ છીએ કે તેઓ બનાવટી છે. કૃત્રિમ અને કુદરતી ફૂલમાં એકજ ફેર છે અને તે બહુ મોટો ફેર છે; તે એ કે કૃત્રિમ ફૂલમાં જીવન નથી. જોવામાં બંને સરખાં લાગે છે, પણ એકમાં ઉંડી રીતે જીવન રહેલું છે અને બીજામાં જીવન નથી.

ધર્મની બાબતમાં આ દાખલો બહુ ઉત્તમ રીતે આત્મિક જીવનને લાગુ પડે છે. દેવના દીકરા કુદરતી ફૂલોના જેવા છે, કેમકે તેઓમાં ઉંડી રીતે દેવનું જીવન રહેલું છે. પણ જેઓ દેવથી દૂર છે તેઓ કૃત્રિમ ફૂલો જેવા છે. દેખાવમાં સુંદર અને ભપકાદાર હોય તોપણ તેમનામાં જીવન નથી.

જે ફૂલોમાં જીવન નથી તેના પર સૂર્યનો તાપ, રાતનું ઝાકળ, આકાશી વરસાદ, શિઆળાની ઠંડી કે ઉનાળાનો તાપ અસર કરી શકતાં નથી; તેઓ મધમાખીને તેમનો

ખોરાક આપીને તથા પોતાની સુગંધ અન્યને આપીને પરોપકાર દર્શાવી શકતાં નથી, કેમકે તેમનામાં જીવન નથી. તેજ પ્રમાણે જે માણુસો દેવથી દૂર છે તેઓ પણ કુત્રિમ ફૂલોની માફક ઇશ્વરની મહેરબાનીમાં રહેતાં નથી અને ઇશ્વરી ઉત્તમ આશીર્વાદો પામતાં નથી; પણ તેથી ઉલટું જેઓએ પોતાનું હૃદય દેવને અર્પણ કર્યું છે અને ખ્રીસ્ત ઇસુની સાથે નિકટ સંબંધ જોડ્યો છે તેઓમાં ખ્રીસ્તનું જીવન રહે છે, અને તેઓ પર દેવનાં કૃપાદાનો અસર કરે છે અને તેઓ "કૃપામાં અને આપણા પ્રભુ તથા તારનાર ઇસુ ખ્રીસ્તના જ્ઞાનમાં" વધ્યા કરે છે.

૧૧. નાના છોકરાનો સવાલ.

એક વખતે એક નાના છોકરાએ પોતાની માને સવાલ કીધો કે, "મા, 'મુસાફરને ચાલવાની વાત'માં તમોને કોની વર્તણુક સૌથી સારી લાગે છે?" માએ એકદમ જવાબ આપ્યો કે, "ખ્રીસ્તી માણુસની, અને તેજ આખી વાર્તાનો નાયક છે." પેલા નાના છોકરાએ કહ્યું, "મા, મને એમ નથી લાગતું, કેમકે ખ્રીસ્તી માણુસ જ્યારે મુસાફરીમાં નિકળ્યો ત્યારે પોતાનાં બાલબચ્ચાંને મુકીને એકલો ગયો પણ તેની સ્ત્રી પોતાનાં છોકરાં સાથે મુસાફરીમાં નિકળી."

૧૨. પ્રાર્થના વિષે એક સાધારણ ભૂલ.

એક નિશાળમાં એક છોડી પોતાનો રોજનો પાઠ હમેશાં બહુ સારી રીતે કરી લાવવાને નિશાળમાં પ્રસિદ્ધ હતી. એક વખતે તેની સાથેની બીજી સખીએ તેને કહ્યું કે "તમો તમારો પાઠ હમેશાં કેવી રીતે બરાબર પાકો કરી લાવો છો?" તેણે જવાબમાં કહ્યું કે "મારો પાઠ મને બરાબર આવડે માટે હમેશાં હું પ્રાર્થના કરૂં છું, તમો તેમ કરો છો?" તે બીજી છોડીએ જવાબ આપ્યો, "તો ઠીક હું પણ હવે

પ્રાર્થના કરીશ." પણ દુઃખની વાત કે બીજી સવારે જ્યારે તે નિશાળમાં આવી ત્યારે પોતાનો પાઠ બિલકુલ તેને આવડ્યો નહિ. તે એકદમ પેલી પોતાની સખી પાસે દોડી ગઇ અને તેના ઉપર ઠગાઇનો આરોપ મુકી કહેવા લાગી કે, "મેં પ્રાર્થના કરી પણ મારા પાઠનો એક શબ્દ પણ મને આવડ્યો નહિ." તેની સખીએ કહ્યું, "કદાપિ તમે શીખવાને મહેનત નહિ લીધી હોય!" "ના, ના, મેં અભ્યાસ તો બીલકુલ કર્યો નથી, કેમકે મેં વિચાર કીધો કે જ્યારે હું પાઠ આવડવાની પ્રાર્થના કરૂં છું ત્યારે શિખવાની મહેનત લેવાની શી જરૂર!" આવી ભૂલ કેટલાએક સાધારણ રીતે કરે છે.

૧૩. ડુબતા માણસનો બચાવ થયો.

એક માણસ કે જેને તરતાં આવડતું ન હતું તે એકાએક નદીમાં પડી ગયો. એ જોઇ એક હોશિયાર તારો નદીમાં તેને બચાવવાને તુટી પડ્યો. પણ તે તારાએ જ્યાં સુધી પેલો ડુબતો માણસ બચવાને માટે આમ તેમ યત્ન કરતો હતો, ત્યાં સુધી તેનાથી થોડે છેટે ઉભો રહ્યો, અને જ્યારે તે લાચાર બની ડુબવા લાગ્યો ત્યારે તેને જઇ એકદમ પકડી લીધો અને કિનારે ખેંચી આણ્યો. જ્યારે કાંઠા ઉપર તેઓ આવ્યા ત્યારે લોકો પુછવા લાગ્યા કે "શા માટે તમે ડુબતા માણસને એકદમ પકડ્યો નહિ?" તેણે જવાબ આપ્યો "જ્યાં સુધી માણસ પોતાની મેળે બચવાને યત્ન કરે છે ત્યાં સુધી તેવા માણસને હું બચાવતો નથી." પાપીઓ પ્રત્યે દેવની વર્ત્તણુંક પણ એવીજ છે.

૧૪. મળેલી ઉત્તમ તક ખોવી નહિ.

નકશીકામ કરનાર એક કારીગરને ત્યાં એક વખતે એક માણસ મુલાકાતે આવ્યો. આ વખતે ઘણુંએક દેવદેવીઓનાં પુતળાં કારીગરે તૈયાર કરી રાખ્યાં હતાં તેમાં એક બહુ

વિચિત્ર પુતળું તે મુલાકાત લેનારના જોવામાં આવ્યું. આ પુતળાનું મુખ માથાના વાળથી ઢાંકવામાં આવ્યું હતું, અને તેના બંને પગ પર બે પાંખો હતી. આ જોઇ મુલાકાત લેનારે કારીગરને પુછ્યું કે, "આ પુતળાનું નામ શું?" જવાબમાં કારીગરે કહ્યું કે, "તેનું નામ 'તક' છે." મુલાકાત લેનારે પુછ્યું કે, "તેનું મુખ શા માટે ઢાંકવામાં આવ્યું છે?" કારીગરે કહ્યું, "કેમકે તેનું આવવું માણસ ભાગ્યેજ જાણી શકે છે." મુલાકાત લેનારે કહ્યું કે, "ત્યારે તેના પગ પર બે પાંખો કેમ કાઢવામાં આવી છે?" કારીગરે કહ્યું, "કારણકે તક જલદી જતી રહે છે, અને એકવાર જાય, તો ફરીને કદી હાથ આવતી નથી." પ્રભુના નામની સ્તુતિ થાઓ કે આપણને તેણે ઘણી ઉત્તમ 'તક' આપી છે કે જેમાં આપણે આપણા આત્માનું તારણ પ્રાપ્ત કરીએ છીએ. 'માન્યકાળ તથા તારણ'ની 'તક' હમણાંજ છે, માટે મળેલી ઉત્તમ 'તક' ખોઇ નાંખશો તો ફરી હાથ આવશે નહિ.

૧૫. પારસીઓમાં મનાતા પવિત્ર અગ્નિની ઉત્પતિ સાથે ઈસુનો સંબંધ.

માર્કોપોલો નામનો એક મુસાફર આ પવિત્ર અગ્નિ વિષે નીચેની દંતકથા કહે છે, જે જાણવા જોગ હોવાથી અત્રે ટાંકુ છું. ઇસુ ખ્રીસ્તનું દર્શન કરવા જે માગી લોક આવ્યા, તેઓ ત્રણ જણ હતા, અને તેઓ ઇરાનના શાબી નામના શહેરમાંથી આવ્યા હતા. તે ત્રણેનાં નામ નિચે મુજબ છે. ૧. બાલદાસાર તે શાબીનો રાજા; ૨. ગાસપર તે દયાવાન શહેરનો રાજા; ૩. મેલકીઅર તે પાલાસ્તાનો રાજા. ઉપર કહેલા ત્રણ પુરૂષો ઇસુનું દર્શન કરવા બેથલેહેમમાં આવ્યા. પ્રથમ ત્રણેમાં જે સૌથી નાનો હતો તેણે પ્રથમ ઇસુનું સ્તવન કરવા માંડયું. આ વખતે બાળક ઇસુ,

સ્તવન કરનારના જેટલો મોટો તેને દેખાયો. ત્યાર પછી બીજાએ અને ત્રીજાએ સ્તવન કીધું; તેમને પણ પોત પોતાના જેવડો ઇસુ બાળક દેખાયો. હવે આ રાજાઓ જે અર્પણ વસ્તુઓ પોતાની સાથે લઇ ગયા હતા, તેમાં એવો અર્થ સમજતા હતા કે જો જન્મેલું બાળક પૃથ્વીનો રાજા હશે તો સોનું ગ્રહણ કરશે; અને જો તે આકાશી રાજા હશે તો ધુપ પસંદ કરશે. ત્રણે જણે સ્તવન કર્યા બાદ જે પોતે દીઠું તે એક બીજાને જાહેર કર્યું, અને પછી ત્રણે જણ સાથે ભજન કરવા ગયા. આ વખતે ઇસુ જેવો બાળક હતો તેવાજ રૂપમાં તેમની નજરે પડ્યો ભજન કરી રહ્યા બાદ પોતાના દેશમાં પાછા ફરતી વખતે, બાળક ઇસુએ તેમને એક લાકડાની નાની પેટી આપી. તે લઇ તેઓ પોતાને દેશ જતા હતા, ત્યારે તેઓ અધીરા થઇ પેટીમાં શું હશે તે જોવા પેટી ઉઘાડી પેટી ઉઘડ્યા પર અંદર એક પત્થર તેમની નજરે પડ્યો. તે જોઇ તેઓને લાગ્યું કે ઇસુએ અમને ઠગ્યા. (પણ તે પત્થરમાં ધર્મમાં પત્થરની માફક દ્રઢ રહેવાની સૂચના હતી). એમ સમજી પત્થર રસ્તામાં ફેંકી દીધો, અને જ્યાં પત્થર પડ્યો, ત્યાં જમીન એકાએક ફાટી અને બળતા અગ્નિની જ્વાળા ઉત્પન્ન થઇ. રાજાઓ ત્યાર બાદ પસ્તાયા અને તેમાંનો થોડો અગ્નિ પોતાની સાથ લઇ ગયા, અને આજ સુધી તે અગ્નિ બળતો રાખે છે. જે જગ્યાએ એ અગ્નિ ઉત્પન્ન થયો તે જગ્યાનું નામ "કલાસ્તા પરીનસ્તા" એવું પડ્યું છે. ઉપલા ત્રણે રાજાની કબરો હજી સુધી દેખાડવામાં આવે છે.

૧૬. "સારૂં કરતાં થાકશો નહિ."

જુના વખતની એવી એક વાર્તા છે કે, એક ચિતારાએ એક સુંદર છબી ચિતરીને તૈયાર કરી અને ત્યાર પછી તે

છબી તેણે એક જાહેર જગ્યામાં ખુલ્લી મુકી, એ માટે કે તેમાં કંઇ ખોડ ખાંપણ હોય તો કોઇ પણ સુધારે. આ સુધારો વધારો કરવાને માટે પીંછી વિગેરે જોઇતું સાધન પણ ત્યાં છબી આગળ મુક્યું. આ જોઇ કેટલાક નાદાન મૂર્ખ માણસોએ વિચાર્યું કે, દરેક માણસને ભૂલ કાઢવાનો અને સુધારો કરવાનો હક છે, અને એમ સમજી ચિતારાનું ઉપલું ઉત્તમ ચિત્ર બગાડી નાખી છેક ભુસી નાખ્યું.—તેજ પ્રમાણે આ દુનિયામાં આપણા જીવનનાં ઘણાં સારાં કૃત્યોને મૂર્ખ ને નાદાન માણસો બગાડી નાખવા માગે છે. કેટલાએક અદેખાઇ અને મમત કરી બીજાને ધક્કો પહોંચાડે છે, ત્યારે બીજા કેટલાએક ગેરસમજણથી એવું કરે છે, પણ તેથી કરીને આપણે સારાં કામ કરતાં હારી જવું નહિ. શાસ્ત્રમાં પણ એ વાતને ટેકો મળે છે કે, "ભાઇઓ, તમે સારૂં કરતાં થાકશો નહિ." તેનો બદલો કદાપિ આ જીવનમાં ન મળે તોપણ પરલોકમાં જરૂર મળનાર છે.

૧૭. આપણે ન ધારીએ એવી રીતે પ્રભુ આપણો છૂટકો કરે છે.

એક મુસાફર એક વખતે પોતાની મુસાફરીમાં બહુજ વિકટ માર્ગ પર આવી પહોંચ્યો. માર્ગની એક કોરે ઉભો ખડક અને બીજી કોરે એક ઝડપથી વહેતી નદી આવેલી હતી. આ સાંકડા માર્ગ ઉપર મુસાફર ચાલતો હતો, તેવામાં ખડકની બાજુ પરથી એક વિકાળ વાઘ તેના ઉપર ધસી આવતો તેના જોવામાં આવ્યો. આ જોઇ તે નદીમાં કુદી પડી તરીને પોતાનો જીવ બચાવવા જતો હતો, પણ પાણીની ગમ નીચે જોતાં એક મોટું મગરમચ્છ પોતાનું માથું પાણીની સપાટીથી બહાર કાઢી મુસાફરને ગળી જવાને પોતાનું મ્હો ફાડી ટાંપી રહેલું તેના જોવામાં આવ્યું! હવે તે શું કરે?

તે બિચારો ઉદાસ થઇ બોલ્યો, અફસોસ! ચારે દિશામાં મરણ શિવાય બીજું કંઇ જોવામાં આવતું નથી! ભારે દુઃખ અને નિરાશા ઉત્પન્ન થતાં, તે જમીન પર નીચે પડ્યો! એવામાં પેલો વાઘ જે છેક પાસે આવી પહોંચ્યો હતો, તેણે છલંગ મારી, પણ ઢોળાવમાં છલંગ મારવાથી તે ચુકી ગયો અને પેલા મગરમચ્છના મ્હોમાં જઇ પડ્યો! એ જોઇ મુસાફરની બીક મટી અને ઉભો થઇ પોતાને માર્ગે ચાલતો થયો. એ પરથી આપણે શિખીએ કે ગમે તેવું ભારે દુઃખ કે મુશ્કેલ આવી પડે તોપણ તેમાં નિરાશ નહિ થવું, કેમકે આપણે ન ધારીએ એવી રીતે પ્રભુ તેમાંથી આપણો છૂટકો કરે છે. આવા હજારો દાખલા બને છે અને પવિત્ર શાસ્ત્ર-માંથી પણ મળી આવે છે.

૧૮. મૂલ્યવાન મોતીની ભરેલી મશક.

એક વખતે એક આરબ રેતીના રણમાં પોતાનો માર્ગ ભુલી ગયો અને તેથી કરીને આમ તેમ રણમાં ભટકવા લાગ્યો. પોતાની પાસે ખોરાક હતો તે થઇ રહ્યો અને ભૂખ તથા તરસથી હેરાન થઇ મરણની બીકમાં આવી પડ્યો. આખરે તેણે વિચાર્યું કે પેલી મુસાફર લોકના ઉંટને પાણી પાવાની જગ્યા છે, ત્યાં જાઉં તો કદાપિ પાણી મળશે. તેથી કરીને તે બને તેમ ઝડપથી તે જગ્યા પર ગયો. ત્યાં જઇ જુએ છે તો પાણીનું નાળું બિલકુલ સુકાઇ ગયું છે અને પાણીનું એક ટીપું પણ મળે નહિ! એવામાં તેની નજર રેતી ઉપર પડેલી એક મશક પર પડી, તે જોઇ તે ખુશી થયો કે તેમાં વખતે પાણી અને ખોરાક બન્ને હશે. તે ઘણો અશક્ત થઇ ગયો હતો તોપણ ભાંખોડીએ ભાંખોડીએ ચાલી પેલી મશક પાસે આવ્યો. મશક ઉપર હાથ ફેરવી જોતાં તેને કંઇ ગોળ પત્થર જેવું લાગ્યું, તે પરથી તે ઘણો ખુશી થયો કે અંદર ખજુર અને

સોપારી છે. પણ મશક ઉઘાડી જોતાં તેમાં મૂલ્યવાન મોતી ભરેલાં તેના જોવામાં આવ્યાં, પણ ભૂખ અને તરસથી મરતા માણસને તે શા કામનાં!! તેને માટે તે એક નકામી ચીજ હતી. બિચારો આરબ નાઉમેદ થઇ ભોંય પર પડ્યો અને ભૂખ તરસથી મરણ પામ્યો! આ દુનિયામાં કેટલા બધા મનુષ્યો છે કે જેઓ કેવળ દ્રવ્યની પાછળ લાગ્યા છે, પણ "કોઇનું જીવન તેની મિલકતની પુષ્કળતામાં હોતું નથી" (લુક. ૧૨ ; ૧૫.) વળી આત્મિક ભૂખ અને તરસ મટાડવાને પણ આરબને મળેલાં મૂલ્યવાન મોતીની માફક દ્રવ્ય નકામું છે.

૧૯. લ્યો, ગૃહણ કરો. (Recipe---take.) પ્રખ્યાત વક્તા મિ. સ્પર્જન સાહેબે પોતાના ભાષણમાં એક વખતે નીચે પ્રમાણે કહ્યું,—દરેક અંગ્રેજી દવા આપનાર વૈદ્ય જ્યારે બિમારને દવા લખી આપે છે ત્યારે કેશ લખતાં પ્રથમ અંગ્રેજી મોટો અક્ષર 'આર' (R) લખે છે, અને તે લાટિન ભાષાના એક શબ્દનો પહેલો અક્ષર છે, જે શબ્દનો અર્થ લ્યો, કે, ગૃહણ કરો એવો થાય છે. તેજ પ્રમાણે તમને સુવાર્તા હાલ કહે છે કે "જેને તરસ લાગે તે આવે, જે ચાહે તે જીવનનું પાણી મફત લે." શું લ્યો? તમારાં દુઃખોને બદલે ખ્રીસ્તનાં દુઃખો તમે લ્યો. વિશ્વાસ કરો કે તે તમોને હમણાંજ બચાવે છે, કેમકે તેના ઉપર વિશ્વાસ કરે તે બધાંને માટે તે મુઓ છે. હાલ તેના ઉપર તમારો બોજો નાખો.

કોઇ કદાપિ ધારે કે હું તેના ઉપર વિશ્વાસ કરૂં ને તે મને નહિ બચાવે તો? અરે નહિ, એ પ્રમાણે ધારીએ તો આપણે તેને જુઠો ઠરાવીએ છીએ. અને તેવું કેમ બની શકે! જે તેના ઉપર વિશ્વાસ કરે છે તેનો નાશ નહિ થશે. તે પોતે કહે છે કે, 'જે વિશ્વાસ કરે છે તથા બાપ્તિસ્મા લે છે તે

તારણ પામશે." તમે તેની પાસે આવો. તેનું લોહી અને તેનું ન્યાયીપણું દેવના ઇન્સાફમાં મારે બદલે ઉભું રહેવાને યોગ્ય છે એવો વિશ્વાસ કરી તારણ પામો. તમે શું એમ કરી શકતા નથી? શા માટે? કોઇ કહેશે તારણનો આ માર્ગ મને બહુજ સાદો લાગે છે, તો આવા સાદાપણાને લીધે શું તમો વાંધો ઉઠાવશો? જો તમે એમ કરો તો નામાન કોઢીઆના જેવા તમે મૂર્ખ છો. તેને કહેવામાં આવ્યું કે "સ્નાન કરીને શુદ્ધ થા" પણ તે વાત તેને બહુ સાદી લાગી. તેના મનમાં હતું કે ભવિષ્યવાદી મારી પાસે બહાર આવશે ને મારે માટે કોઇ ગંભીર ક્રિયા કરશે, એમ ધારી તે પ્રથમ નદીમાં સ્નાન કરવા ગયો નહિ. ખરેખર મારા મિત્રો, તમે નામાનના જેવા મૂર્ખ નથી. વળી એ કરતાં આગળ જુઓ. તમે મને પુછો કે શું તમારૂં કહેવું એવું છે કે 'હું ખ્રીસ્ત પર વિશ્વાસ કરૂં કે તે મને તારી શકે છે તો હું તારણ પામ્યો?' હા, હા, એજ મારૂં કહેવું છે. જો એમ નથી તો જે હાલતમાં હું ઉભો છું ત્યાંથી કોઇ પણ રીતે મારો બચાવ થાય નહિ. હું ઇસુ ખ્રીસ્ત ઉપર વિશ્વાસ કરૂં અને મારો બોજો તેના ઉપર નાખું અને જો ને મને તારી શકતો કે તારનો નથી, તો મારી ઉપલી આશાને લીધે મારે છેવટે શરમાવું પડશે. હું શિક્ષાને પાત્ર થઇશ, કેમકે એ શિવાય મારી કોઇ બીજી આશા છેજ નહિ. તમે શિઆળવાં વિષે સાંભળ્યું હશે કે તેને નાસી જવાને ત્રણ માર્ગ હોય છે, પણ ખ્રીસ્તી માણસને માટે માત્ર એકજ માર્ગ છે; અને જો તે બંધ થાય તો "બીજા કોઇથી તારણ નથી, કેમકે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઇ નામ આકાશ તળે માણસો મધ્યે આપેલું નથી." "દેવે જગત ઉપર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારૂ કે, જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંત જીવન પામે."

૨૦. પ્રુશિયાનો રાજા ફ્રેડ્રિક વિલ્યમ.

એક વખતે ફ્રેડ્રિક વિલ્યમ રાજા પોતાના મુલકમાં ફરવા નિકળ્યો, એવામાં એક નાના સુંદર ગામડામાં એક બે કલાકને માટે મુકામ કીધો. ગામના લોકોએ અને નિશાળનાં છોકરાંએ પોતાના રાજાને આવકાર સારૂ તૈયારી કરી. નિશાળનાં છોકરાં પોતાનો પ્યાર દર્શાવવા કેટલાંક ફૂલ વીણી લાવ્યાં અને એ પ્રસંગને માટે તૈયાર કરેલી એક કવિતા એક નાની છોડીએ ગાઇ બતાવી. આ નાની છોડીએ પોતાનું કામ બહુ સારી રીતે બજાવ્યું, માટે રાજા ઘણો ખુશી થયો અને તેમની રમત ગમત થઇ રહ્યા પછી રાજાએ છોકરાંની ચાલાકી જોવા માટે કેટલાક સવાલ પુછ્યા. મેજ ઉપર કેટલીક નારંગી પડી હતી તેમાંથી એક હાથમાં લઇ રાજાએ પુછ્યું "આ કયા રાજ્યની છે? તમારામાંથી કોઇ કહી શકે?" પેલી નાની છોડીએ જવાબ આપ્યો "શાક ભાજીના રાજ્યની." પછી રાજાએ પોતાના ગજવામાંથી એક સોનાનો સિક્કો કાઢી પુછ્યું, "આ કયા રાજ્યનો છે?" છોડીએ જવાબ આપ્યો "ખનીજ રાજ્યનો." પછી રાજાએ આગળ વધી ત્રીજો સવાલ પુછ્યો કે, "ત્યારે હું કયા રાજ્યનો છું." રાજાએ જાણ્યું કે હવે આ સવાલનો જવાબ તે એવો આપશે કે "જનાવર રાજ્યના." પણ આ સવાલ સાંભળતાં છોડી વિચારમાં પડી ગઇ અને ગભરાઇ કે હવે શું કહેવું? આવા માનવંતા રાજાને કેમ કહેવાય કે "જનાવર રાજ્યના!" થોડી વાર વિચાર કર્યા પછી તેને શાસ્ત્રની આ કલમ યાદ આવી કે "દેવે પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને ઉત્પન્ન કીધું, દેવના સ્વરૂપ પ્રમાણે તેણે તેને ઉત્પન્ન કીધું." પછી નાની છોડી રાજાની મુખમુદ્રા તરફ જોઇ બોલી, "દેવના રાજ્યના." પછી રાજા છોડીના સુંદર અને નિખાલસ શબ્દો સાંભળીને ઉઠયો, અને છોડીના માથા પર પોતાનો હાથ મુકીને ધાર્મિકપણે

ગંભીરતાથી બોલ્યો કે, "પ્રભુ એવું કરો કે હું તે રાજ્યને લાયક થાઉં."

૨૧. પરસ્પર પ્રેમનો એક દાખલો.

અમેરિકા દેશના ન્યૂયોર્ક શહેરમાં એક વખતે એક માણસ રેલ નીચે આવી જવાથી તેની માથાથી તે પગ સુધીની ચામડી ઉતરી ગઇ હતી. તે માણસનું નામ ફ્રેડ્રિક હતું, અને તે ફ્રીચર્ચનો સભાસદ હતો. ડૉકટરની સલાહથી તે મિશનના ૫૦ માણસોએ પોતાના ભાઇને સાજો કરવાને માટે પોતાની થોડી થોડી ચામડી ઉતારી આપી. પછી ડૉકટરે તે બિચારા માણસ ઉપર તે ચામડી સીવી લીધી અને એવું કહેવાય છે કે તે માણસ થોડા દિવસમાં સાજો થયો. ત્યારે આ તો ખરો પ્રેમ કહેવાય. "છોકરાં, આપણે શબ્દથી નહિ, ને જીભથી નહિ, પણ કૃત્યમાં તથા સત્યમાં પ્રીતિ કરીએ." વળી "જે પોતાના ભાઇ પર પ્રેમ કરતો નથી, તે દેવનો નથી."

૨૨. ખરો ઉપકાર માનનાર એક આઇરિશ.

નોર્થામ્પટન શહેરના એક આઇરિશ માણસ ઉપર ખુનનો આરોપ આવતાં તેને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવી, પણ ડૉ. ડોડ્રીઝને લાગ્યું કે આ માણસ બિચારો નિર્દોષ છે અને તેથી કરીને તે પોતે તેનો જામીન થઇને તેને કોર્ટની મુદત અપાવી. આ વખતે તે આઇરિશ માણસે ડાક્ટર સાહેબનો જે શબ્દોમાં આભાર માન્યો તે જાણવાજોગ છે. આઇરિશ માણસે કહ્યું "મારા લોહીનું દરેક ટીપું આપ નામદારનું આભારી છે, કેમકે આપના લોહીના દરેક બિંદુએ મારા પર કૃપા દર્શાવી છે. આપ મારા બચાવનાર અને મારા હકદાર છો. જો હું જીવું તો આપની મિલકત અને આપનો વિશ્વાસુ દાસ છું." ઇસુ ખ્રીસ્ત જેણે ન્યાયીઓને માટે નહિ પણ પાપીઓને

માટે પોતાનું મૂલ્યવાન લોહી વહેવડાવ્યું તેનો ઉપકાર ઉપલા આઇરિશ બાઇ કરતાં કેટલો ઘણો વિશેષ માનવો ઘટે છે!!

૨૩. એવું કંઈ છે કે જે પરમેશ્વર નથી કરી શકતો?

કેટલાંએક વર્ષ પર આયર્લાંડ દેશમાં એક શિક્ષકે એક નાના છોકરાને પુછ્યું કે, એવું કંઇ છે કે જે પરમેશ્વર નથી કરી શકતો? તે નાના બાળકે જવાબ આપ્યો કે "હા, ખ્રીસ્ત ઇસુના લોહીમાં મારાં જે પાપ ધોવાયાં છે તે, તે જોઇ શકતો નથી."

૨૪. તમારા હૃદયમાં રાખો.

"હું તારી વિરૂદ્ધ પાપ ન કરૂં માટે મેં તારૂં વચન મારા હૃદયમાં રાખી મુક્યું છે." સ્કૉટલાંડ દેશનો એક વૃદ્ધ ભક્ત કહે છે કે "જે ઉત્તમ ચીજ તે ઉત્તમ કામને માટે છે અને તેને આપણે ઉત્તમ જગ્યાએ રાખવી જોઇએ." ઘણા માણસો પોતાના પવિત્ર શાસ્ત્રને પોતાના હાથમાં કે પોતાના ગજવામાં રાખે છે, પણ આપણે તેને આપણા અંતઃકરણના ગુપ્ત ભાગમાં રાખવું જોઇએ.

૨૫. પ્રાર્થનામાં થાકશો નહિ પણ ઈસુ પર વિશ્વાસ કરો.

અમેરિકા દેશની એક નદીમાં એક વખતે બરફ ઓગળીને પાણી થવા લાગ્યું, એવામાં એક માણસ બરફના એક ટુકડા ઉપર બેઠો હતો, જે ટુકડો હજી બરફના બીજા સમૂહ સાથે જોડાયલો હતો. આવી ભયભરેલી હાલતમાં તે જે બરફના ટુકડા ઉપર બેઠેલો હતો તેનો ખ્યાલ નહિ લાવતાં ઘુંટણીએ પડી બૂમ પાડી પ્રાર્થના કરવા લાગ્યો કે હે પ્રભુ, મને બચાવ. કિનારા પરથી જોનાર માણસો જોરથી બૂમ પાડવા લાગ્યા કે "અરે માણસ, પ્રાર્થના હાલ બંધ રાખ અને કિનારા તરફ દોડી આવ." તેજપ્રમાણે આપણ કે જેઓ ઇસુ ખ્રીસ્તના

લોક છીએ, તેઓએ પ્રાર્થનામાં થાકવું નહિ પણ ઇસુ ખ્રીસ્ત ઉપર વિશ્વાસ રાખવો.

૨૬. ખ્રીસ્તને જુઓ.

વૈધક ખાતાના એક સરજન સાહેબનો એવો નિયમ હતો કે જ્યારે તે કોઇ દરદીને મોટા ઘા ઉપર પાટો બાંધે અથવા તો કોઇ ભાંગી ગએલું હાડકું સાંધે ત્યારે પ્રથમ બિમારને કહેતો કે "જુઓ, તમારો ઘા કેવો મોટો ભયંકર છે!" અને ત્યાર પછી તે કહેતો કે "હવે મારી ગમ જુઓ." ત્યાર બાદ તે મલમપટો કરતો હતો. તેજ પ્રમાણે આપણે પ્રથમ આપણા હ્રદયની ભુંડાઇ જોઇએ અને ત્યાર પછી ખ્રીસ્તને જોઇએ.

૨૭. ઇસુ ખ્રીસ્ત સઘળાને તારવા શક્તિવાન છે.

એક પ્રસિદ્ધ માણુસ કહે છે કે, વીસ પચીસ માણુસ તૃષિત હોય ને એક બાટલી પાણી હોય તો એક જણ પીએ ત્યારે બીજા અદેખાઇ કરે, કેમકે તેઓ જાણે છે કે એક બાટલીમાં બધાંને માટે બસ થાય એટલું પાણી નથી. પણ જો સેંકડો માણુસ તરસ્યા હોય ને કોઇ નદી કિનારે જાય તો એક પાણી પીએ ત્યારે બીજાને અદેખાઇ કરશે નહિ, કેમકે તે જાણે છે કે તેમાં પુષ્કળ પાણી છે. એજ મુજબ ઇસુ ખ્રીસ્ત 'સઘળા'ને તારી શકે છે. તે એક બેને નહિ પણ સર્વને માટે તારવાની શક્તિ ધરાવે છે.

૨૮. ભૂખની જરૂરીઆત.

માણુસને માટે જો કે ભૂખ ત્રાસદાયક છે તોપણ ઘણી વખતે પુષ્કળ રોટલી કરતાં તે વધારે ઉપયોગી દેખાય છે. જ્યાં સુધી માણુસ પાસે પૈસા છે ત્યાં સુધી તે રોટલીની કિંમત ખુશીથી આપી તેને ખરીદ કરે છે. માણુસ શા માટે નાણા વિના તથા મૂલ્ય વિના દ્રાક્ષરસ તથા દૂધ વેચાતાં લેતા નથી? કેમકે તેમને ભૂખ નથી, અને એથી કરીને તેની જરૂરીઆતી

વિષે તેઓ કંઇ જાણતા નથી. યુસફના ભાઇઓને એજ રીતે પોતાનો ભાઇ મળ્યો અને તેઓ જીવતા રહ્યા. "જેઓને ન્યાયીપણાની ભૂખ તથા તરસ છે તેઓને ધન્ય છે, કેમકે તેઓ ધરાશે."

૨૯. થિઓડોર પાર્કરની એક નોંધ.

જ્યારે પ્રસિદ્ધ થિઓડોર પાર્કરે લગ્ન કીધું ત્યારે તેણે પોતાની નિત્યની નોંધપોથીમાં તે દિવસને માટે નીચેના ઠરાવોની નોંધ લીધી છે તે જાણવા જોગ છે.

૧. સબળ કારણ શિવાય મારી પત્નીની ઇચ્છાને મારે આડે આવવું નહિ.

૨. તેને માટે મારી બધી ફરજો છૂટથી અદા કરવી.

૩. કદી તેની સાથે કજીઓ કરવો નહિ.

૪. તેના પ્રત્યે વિપરીત નજરે જોવું નહિ.

૫. એક પછી એક હુકમ કરી તેને હેરાન કરવી નહિ.

૬. તેનો ધર્મભાવ વધારવો.

૭. તેનો બોજો ઉંચકવો.

૮. તેની ખામીઓ તરફ નજર રાખવી.

૯. તેના પર પ્યાર કરવો, બચાવ કરવો અને રક્ષણ કરવું.

૧૦. તેને હમેશાં મારી પ્રાર્થનામાં પ્રીતિપૂર્વક યાદ કરવી.

૩૦. લંગરેલ બોટ.

એક વખતે બે ખલાસીઓ સાંજે પીધેલા થઇ પોતાની લંગરવાર કરેલી બોટ પર આવ્યા. ઘેર પાછા જવાને બોટને હલેસાં મારી હંકારવા લાગ્યા. સામે કાંઠે પોતાને ઘેર પહોંચ-વાને તેઓએ આખી રાત ઘણી મહેનત કરી, પણ તેઓને અજાયબ લાગ્યું કે કેમ હજી સુધી સામો કાંઠો આવતો નથી! પણ પ્રભાત થતાં તેઓએ જોયું કે આપણે લંગર તો ઉપાડયું નથી!! એજ પ્રમાણે ઘણા માણસો જગતમાંથી

નિકળી દેવના રાજ્યમાં પેસવાને ઘણી મહેનત કરે છે, પણ તેઓ પેસી શકતા નથી, કારણ કે તેઓ આ જગતરૂપી સાંકળથી બંધાયલા છે. ઘણા માણસો ધર્મક્રિયાઓ નિયમીત પાળે પણ તેમની બુરી ટેવો અને ભુંડાપણું બીલકુલ છોડે નહિ તેથી કરીને તેમની આત્મિક બોટ આગળ વધતી નથી. માટે પ્રથમ બંધન કાપી નાખો, એટલે પાપનો ત્યાગ કરો અને તેને કબૂલ કરો. બંધન કાપી નાંખો અને અટકાવ-કારક જગતી બોજાથી મુક્ત થાઓ. જો એમ કરશો તો સ્વર્ગ, કે જે ઘર તરફ તમો મુસાફરી કરો છો તે તરફ તમો તરતજ આગળ વધશો.

૩૧. મહાન પુરૂષોના જાણવા જોગ વિચારો.

માણુસનાં કૃત્યો તે તેના માન્ય કરેલા મતની ચોપડી છે.

અજ્ઞાન માણુસને માટે સૌથી સારૂં એ છે કે તેણે ચુપ રહેવું, આ રીતનો જો તે ઉપયોગ કરતો હોય તો તે અજ્ઞાન નથી.

સૌ કરતાં વધારે સંભાળ શરીર વિષે રોગની, આત્મા વિષે અજ્ઞાનતાની અને દેશ વિષે ફિતુરની રાખવી.

ખરો શોક તે એ છે કે તેનો કોઇ સાક્ષી નથી.

પ્રમાણિકપણું તે મનુષ્યના સુખની એક કુંચી છે.

ન્યાય તે દેશજાતિનો ખોરાક છે અને તેને માટે તે હમેશાં ક્ષુધાતુર છે.

સમુદ્ર ઉંડો છે, નર્ક ઉંડું છે, પણ ગર્વિષ્ટ હૃદય તેથી પણ વધારે ઉંડું છે. તે માણુસના આત્માના પાયામાં લાગેલો ઝેરી કીડો છે.

એક દિવસ એવો છે કે જેમાં આપણે બીજાનો ન્યાય કરીએ, પણ છેલ્લે દિવસે બધાનો ન્યાય કરવામાં આવશે.

જ્યારે એકલા છો ત્યારે તમારા વિચારોની, કુટુંબમાં છો ત્યારે તમારા સ્વભાવની અને મિત્રમંડળમાં છો ત્યારે તમારા શબ્દોની સંભાળ રાખો.

માણસ જ્યારે નવરો અને આળસુ થઇ બેઠો છે ત્યારે શેતાન પોતાનો શિષ્ય થવા તેડે છે. પણ તેથી ઉલટું માણસ જ્યારે કામમાં ગુંથાયલો અને ઉદ્યોગી છે ત્યારે ઇસુ પોતાનો શિષ્ય થવા તેડે છે.

અમુક જાતની માછલી ખારા સમુદ્રમાં રહે છે પણ તેમનું માંસ ખારૂં હોતું નથી, એજ પ્રમાણે કેટલાક મનુષ્યો આત્મિક જગતમાં તથા દેવના કૃપારૂપી સમુદ્રમાં રહે છે એમ છતાં કૃપાળુ કે દયાળુ નથી !

એક ઉપદેશક પોતાની પ્રાર્થનામાં હમેશાં આ વિનંતિ કરતો હતો કે "હે પરમેશ્વર અમારે જે વાતોનું સ્મરણ રાખવું જોઇએ તેનું વિસ્મરણ ન થાય અને જેનું વિસ્મરણ થવું જોઇએ તેનું સ્મરણ ન થાય એવી મદદ કરજે.

જો આપણે તેને વાંચી જાણીએ તો દરેક માણસ એક પુસ્તક છે.

આદતો તે લંગરના દોર સમાન છે. આપણે દરરોજ તેના એક એક દોરાને મેળવીએ છીએ, અને આખરે તે દોર એવો મજબૂત થાય છે કે આપણે તેને તોડી શકતા નથી.

ડાહ્યા માણસનું જ્ઞાન તે કાચ સમાન છે. કે જે આકાશી અજવાળું પોતે લે છે અને બીજાને આપે છે.

જે સ્ત્રી કેવળ પોતાનાંજ છોકરાંની મા છે તે ખરી રીતે જોતાં મા નથી, પણ તે માત્ર એક સ્ત્રી છે કે જેણે છોકરાં જણ્યાં છે.

જેની જીભ તેજ છે તેને જાડી ચામડીની જરૂર છે.

---

૩૨. "બચ્ચાંને...પોતાની ગોદમાં ઉંચકી લેશે."

ચીન દેશના એક નાના ખ્રીસ્તી છોકરાએ એક વખતે ત્યાંની મંડળીમાં દાખલ થવાની માગણી કીધી; પણ તેને એવું કહેવામાં આવ્યું કે, મંડળીમાં દાખલ થવાને હજી તમો લાયક વયના નથી, કેમકે તમો બહુ નાના છો. પેલા નાના છોકરાએ જવાબ આપ્યો કે "ઇસુએ બચ્ચાંને...પોતાની ગોદમાં ઉંચકી લેવાનું વચન આપ્યું છે. હવે હું માત્ર એક બચ્ચું છું તો ઇસુ મને બહુ સહેલથી ઉંચકી જશે." વહાલાં ખ્રીસ્તી બાળકો, તમારો ધર્મભાવ નાનપણથી આવો હોય તો કેવું સારૂં! ચીન દેશનો આપણો આ નાનો ભાઇ આજે તમોને એ વાત યાદ કરાવે છે કે, ઇસુ "બચ્ચાંને પોતાની ગોદમાં ઉંચકી લેશે" (યશા. ૪૦; ૧૧).

૩૩. પ્રસિદ્ધ વિદ્વાનો.

બાળકો, નીચેના પ્રસિદ્ધ વિદ્વાનોએ બચપણથી કેવું ડહાપણ વાપર્યું તે તરફ તમારૂં ધ્યાન ખેંચવાની વિનંતિ કરૂં છું. મિ. રૉબર્ટ હૉલ ૧૨ વર્ષની ઉમરે, ડૉ. ઇસ્સાક વૉટસ ૯ વર્ષની ઉમરે, ડૉ સી. એ. બેરી ૧૬ વર્ષની ઉમરે, ડૉ. દેઇલ ૧૪ વર્ષની ઉમરે મંડળીમાં મેળવાયા હતા. વળી મિ. લુસ ૧૩ વર્ષની ઉમરે ખ્રીસ્તી થયો અને ૧૪ વર્ષની ઉમરે ઉપદેશ કરવા લાગ્યો. ડૉ. જોન પેટન બાર વર્ષનો થવા આવ્યો એટલામાં પોતાનો આત્મા દેવને સોંપ્યો અને

સુવાર્ત્તિકનું કામ કરવાનો નિશ્ચય કીધો. પ્રસિદ્ધ વક્તા સી. એચ. સ્પર્જન ૧૫ વર્ષની ઉમરનો હતો ત્યારે એક બોધકના મુખથી નીચેનું વાક્ય સાંભળી ખ્રીસ્તી થયો, એટલે "મારી ગમ ફરો ને તારણ પામો." આ ઉપરથી તમો જુવાનો, નાનપણુથી તમારે કેવા થવું તેનો વિચાર કરશો અને તમારો શાસ્ત્રવાંચન પાઠ કેવી રીતે વાંચો છો ને દેવળમાં જઇ કેવી રીતે બેસો છો ને સાંભળો છો તે તરફ પાછું ફરીને જોશો.

૩૪. રાણી એલીઝાબેથ.

સર વૉલ્ટર રાલે એક દિવસે ના. રાણી એલીઝાબેથની પાસે કંઇ માગણી કરવા ગયો. રાણીએ જવાબ આપ્યો, "રાલે, તમો માગવાનું ક્યારે છોડશો?" તેનો સર વૉલ્ટરે જવાબ આપ્યો કે, "આપ નામદાર જ્યારે આપવાનું બંધ કરશો ત્યારે." રાણી એલીઝાબેથ કરતાં જે મહાન રાજાઓનો રાજા, જેની પાસે આપણે વખતો વખત માગીએ છીએ, તે રાણી એલીઝાબેથ કરતાં પુષ્કળતાથી આપે છે, તેનો વિચાર કરતાં માગવાને થાકશો નહિ.

૩૫. ગરૂડ પક્ષી અને એક નાનો સર્પ.

એક વખતે એક ભરવાડ એક ખડકમાંથી ગરૂડ પક્ષીઓ નિકળીને ઉંચે ઉડતાં હતાં, તેની દૂર ઉભો રહી નિરિક્ષણ કરતો હતો. એવામાં એક ગરૂડ ખડકમાંથી નિકળીને ખૂબ ઉંચે હવામાં ઉપર ચઢયું. તે નિહાળી જોતો હતો એવામાં ગરૂડની એક પાંખ બંધ થઇ અને થોડી વારમાં બીજી પણ બંધ થઇ; એમ એકાએક તે બિચારા ગરૂડ પક્ષીની ઉડવાની ઝડપ બંધ થઇ તે નીચે જમીન પર પડયું. તે પક્ષી એકાએક કેમ નીચે પડયું તે જાણવાની પેલા ભરવાડને ઇચ્છા થઇ. પાસે જઇ જુએ છે તો ખડકમાંથી ઉડતી વખતે તે પક્ષીને એક નાનો સર્પ વળગી પડયો હતો અને તે હવામાં

ઉંચે ઉડતું હતું તેવામાં તે નાનો સર્પ તેને ધીમે ધીમે કરડતો હતો. આખરે હૃદય પર ઝેરની અસર થવાથી તે નીચે પડયું છે એવું ભરવાડના જાણવામાં આવ્યું. એજ પ્રમાણે મંડળીઓમાં ઘણી વખતે કેટલાક માણસો વિષે થતું આપણા જોવામાં આવે છે. તેઓ ઘણા સારા અને આત્મિક ભાવવાળા દેખાય છે, પણ પછીથી ધીમે ધીમે તેમનો હોંશ નરમ પડે છે ને આખરે તેઓ ભ્રષ્ટ થાય છે. તેનું ગુપ્ત કારણ પ્રભુ જાણે છે અને દૂતો જોઇ સંતાપે છે. તેમને પણ પેલા ગરૂડ પક્ષીની માફક કોઇ એક નાનો ઝેરી સર્પ વળગેલો છે, જે તેમને આગળ વધતાં અટકાવે છે અને આખરે તેમનો નાશ કરે છે. આ સર્પ જે તેમને વળગ્યો છે તે માણસો જાણતા નથી. પ્રાર્થના સામે બેદરકારી, નોકરીમાં અપ્રમાણિકપણું, પીવાની બુરી આદત અને કામીપણું, આદિ કેટલાએક નાના ઝેરી સર્પ માણસને વળગે છે, ને ધીમે ધીમે તેમને ડસે છે અને આખરે તેમને પ્રભુના માર્ગથી પાડી નાખી શેતાનના મજબૂત હાથમાં સ્વાધીન કરે છે! આ વખતે પેલા ભરવાડની માફક અજાણ માણસો તેના વિષે અચંબો પામે છે.

૩૬. દ્રવ્યની ભૂખ.

એક માણસ વિષે એવું કહેવાય છે કે, તેને રસ્તે ચાલતાં એક વખતે સોનાનો સિક્કો મળી આવ્યો. તે વખતથી, તે માણસ જ્યારે રસ્તે ચાલતો હોય ત્યારે પોતાની નજર હમેશાં જમીન તરફ ચોકસાઇથી રાખતો હતો. તે માણસની લાંબી જીંદગીમાં એ પ્રમાણે કરવાથી ઘણુંએક સોનું રૂપું તેને મળી આવ્યું, પણ દુઃખની વાત કે તેની જીંદગીના બધા વખતમાં તેણે સોના રૂપા તરફજ નજર રાખી, અને આકાશી સૌંદર્યતા અને આજુબાજુના કુદરતી દેખાવોની ઉત્તમતા નહિ જોતાં

પોતાની આખી જીંદગી કાદવ કચરો જોવામાં ગાળી. દુનિયામાં કેટલા બધા માણસો એવા છે કે જેઓ પોતાની આખી જીંદગી પૈસોજ પ્રાપ્ત કરવાને ગાળે છે, અને ગમે તે માર્ગે પૈસો પેદા કરે છે! આથી કરીને તેમની નજર પૈસા શિવાય બીજા કશા ઉપર લાગતી નથી! "દોલત પર ભરોસો રાખનારાઓને દેવના રાજ્યમાં પેસવું કેવું અઘરૂં છે!...તમો પોતાને સારૂ આકાશમાં દ્રવ્ય એકઠું કરો."

૩૭. તમે ધારો છો તે કરતાં પાસે છે.

એક વખતે એક જુવાન માણસ પોતાના રંગમહેલમાંથી નિકળી ઘોડેસ્વાર થયો. જે રસ્તે થઇ દેવળમાં જવાતું હતું તે તરફ પોતાનો ઘોડો મારી મુક્યો. આગળ જતાં મંડળીનો એક વડીલ દેવળમાં જતાં તે રસ્તા ઉપર તેને મળ્યો. પેલા જુવાને વડીલને પુછ્યું વડીલ સાહેબ, "નરક કેટલું દૂર છે તે મને કહી શકશો?" વડીલ આ જુવાનના આવા નકામા શબ્દ સાંભળી વિચારમાં પડ્યો અને કંઇ પણ જવાબ આપ્યા વગર ચાલતો થયો પણ પછીથી શું થયું? જ્યારે પેલો વડીલ મંદિરના ખુણા તરફ વળ્યો ત્યારે તેના જોવામાં આવ્યું કે ઘોડાએ પેલા જુવાન સ્વારને નાખી દીધો છે અને તે બિચારો મરણ પામ્યો છે! એજ પ્રમાણે તમો વાંચનાર પણ તમો ધારો છો તે કરતા વહેલા ન્યાયચુકાદામાં ઉભા રહેશો.

૩૮. હાલ પસંદ કરો.

એક વખતે એક શિક્ષક પોતાના વર્ગમાં ધનવાન અને ગરીબ લાજરસનું દૃષ્ટાંત શિખાડતો હતો, એવામાં શિક્ષકે પુછ્યું છોકરા, તમે આ બેમાંથી કોના જેવા થવા માગો છો? એક છોકરાએ જવાબ આપ્યો કે હું જીવતો છું ત્યારે ધનવાન જેવો અને મરણ પછી લાજરસ જેવો થવા માગું છું, શિક્ષકે કહ્યું "તે બની શકે નહિ."

૩૯. "પહેલાં તેણે આપણા પર પ્રીતિ કરી."

એક વખતે એક નાની છોડી પોતાની ડાલી સાથે જ્યાં પોતાની મા કામમાં ગુંથાયલી હતી ત્યાં તેની પાસે રમતી હતી. જ્યારે મા પોતાના લખવાના કામથી નવરી થઇ ત્યારે માએ કહ્યું, દીકરી એલીસ, આવ, હવે આજનું મારૂં કામ મેં પૂર્ણ કર્યું છે. તે નાની છોડી એકદમ તેની મા પાસે દોડી ગઇ અને કહેવા લાગી, "મા, તમો મારા પર બહુ પ્રીતિ રાખો છો તેથી હું બહુ ખુશી થાઉં છું." માએ કહ્યું, "પણ મને લાગે છે કે તું ડાલી સાથે બહુ પ્યાર કરે છે!" છોડીએ કહ્યું "હા મા, પણ હું તેના ઉપર પ્યાર કરતાં થાકી જાઉં છું, કેમકે તે મારા પર પ્યાર કરતી નથી." માએ કહ્યું, "ત્યારે હું તારા પર પ્રેમ કરૂં છું માટે તું મારા પર પ્રેમ કરે છે?" "એક કારણ તો એ, પણ સૌથી ઉત્તમ અને પહેલું કારણ તો બીજું છે." માએ કહ્યું "સૌથી પહેલું અને મોટું કારણ શું છે?" નાની છોડીએ જવાબમાં કહ્યું "હું જ્યારે છેક નાની હતી અને તમો પર પ્રેમ કરી શકતી ન હતી ત્યારે તમે મારા પર પ્રેમ કીધો." આ સાંભળી માની આંખો આનંદનાં આંસુથી ભરાઇ ગઇ અને પોતાના મનમાં કહેવા લાગી "પહેલાં તેણે આપણા ઉપર પ્રીતિ કરી" (૧ યોહા. ૪; ૧૯).

૪૦. હૃદયની કોમળતા.

એક વખતે એક વૃદ્ધ પાદરી સાહેબ કે જે એક પ્રસિદ્ધ વિદ્વાન છે તેમની પાસે હું મારૂં કંઇ લખાણ દેખાડવા ગયો હતો. સાહેબ તે લખાણ તપાસતા હતા એવામાં એક જંગલી, ખોડાયલું અને ગંદુ કુતરૂં કમ્પાઉંડમાંથી દોડી આવ્યું. અને સાહેબના પગ આગળ આવીને ઉભું. સાહેબ પોતે પેલું લખાણ જોતા હતા અને પેલું કુતરૂં તેમના પગ આગળ

આવી બેઠું. સાહેબ પોતાનો હાથ તેના માથા ઉપર મૂકી પંપાળવા લાગ્યા. પણ મેં જાણ્યું કે, સાહેબ પોતાનો પાળેલો કુતરો જાણી તેના પર ભૂલથી હાથ ફેરવે છે, તેથી મેં તે કુતરાને હાંકી કાઢવાને કર્યું; પણ કોમળ હૃદયના સાહેબ બોલ્યા, "રહેવા દેશો, તેણે જબરાઇથી ઘર કર્યું છે!" તે વાત હું તેઓ સાહેબની બરાબર સમજી શક્યો નહિ, પણ પછીથી નોકરે તેનો ખુલાસો કીધો કે તે કુતરૂં બંગલામાં એક બે વખત આવી ભરાયું અને અમોએ તેને હાંકી કાઢયું, પણ તે ફરીને આવી ભરાવા લાગ્યું. ત્યારે સાહેબે કહ્યું તેને રહેવા દો, ભલે તે આવે ને બેસે. તેને મેજ પરથી ત્યારથી ખાવાનું મળવા લાગ્યું અને એમ ખોડાયલા જંગલી કુતરાને બંગલાની સુંદર જગ્યામાં બેસવાની છૂટ મળી!! હૃદયની કોમળતાવાળો માણસ મનુષ્ય પ્રત્યે તેમજ જાનવર પ્રત્યે પણ પોતાની દયા દેખાડ્યા વગર રહેતો નથી. વળી આ પરથી એક મોટી વાત શિખીએ કે, એજ પ્રમાણે ગમે તેવો કનિષ્ટ અને ગંદો પાપી આત્મા પ્રભુ ઇસુ પાસે આશ્રા માગે તો તેને આપવામાં આવે છે. શિષ્યો કાઢી મૂકે તો તેમને ધમકાવવામાં આવે છે.

૪૧. બધું મૂકી દઈએ તોપણ તે આપણને પકડી રાખશે.

એક વખતે એક માણસને કોલસાની ખાણનું ઉંડાણ તપાસવાનું મન થયું, તેથી તે એક ખાણના મુખ ઉપર ગયો અને ત્યાં એક દોરડું બાંધેલું હતું જે જોઇ તેને માલમ પડયું કે આ દોરડાએ કરીને માણસો માંહે ઉતરતા હશે; તે પરથી તે માણસ દોરડું ઝાલીને ધીમે ધીમે ખાણમાં ઉતર્યો. જ્યારે આખરે પેલા દોરડાનો છેડો આવી પહોંચ્યો પણ તેના પગ તળીએ પહોંચ્યા નહિ ત્યારે તેને ઘણી બીક લાગી. તેને

લાગ્યું કે મેં બહુ મોટી ભૂલ કરી છે. હવે શું કરે ! તેનાથી પાછું ઉપર ચઢાય તેમ નહોતું, તેમ જો મુકી દે તો તેના મનમાં એવી બીક હતી કે હજી સેંકડો ફુટ ઉંડો ખડક (તળિયું) હશે. એમ બધી બાજુ નિરાશા શિવાય બીજું કંઇ તેના જોવામાં આવ્યું નહિ. આખરે મદદને માટે ભયંકર બૂમો પાડી પણ ત્યાં તેનું કોણ સાંભળે ! કેમકે જમીનની સપાટીથી તે આસરે સોએક ફુટ નીચે હતો. છેવટે તેણે દોરડું મુકી દીધું અને નીચે પડ્યો. પણ તેના પગથી મજબૂત ખડકનું તળિયું માત્ર અર્ધો ફુટ નીચે બાકી હતું, તેથી તે સહીસલામતે દોરડું મૂકી દેતાં જમીન ઉપર જઇ ઉભો. મોટા માણસોને માટે તે દોરડું લંબાઇમાં બરાબર હતું પણ ઠીંગણાઓને માટે વિશ્વાસનો પાઠ શિખવાનો હતો. એજ પ્રમાણે આપણે સમજવું જોઇએ કે પ્રભુ ઇસુ ખ્રીસ્ત ઉપર ભરોસો રાખી જો બધું મુકી દઇએ તો તે આપણને પકડી રાખશે. તે આપણો મજબૂત ખડક તથા કિલ્લો છે.

૪૨. સ્વર્ગી વાનાં સર્વોત્તમ છે.

એક વખતે એક વડીલને તેની પુત્રીએ પુછ્યું કે ઇહ લૌકિક અને પરલૌકિક વાનાંના સુખની ન્યૂનાધિકતાનો ભેદ મારાથી થઇ શકતો નથી તે મને કહેશો ? વડીલ 'ભલા જોસફે' પુરા ભક્તિભાવથી કહ્યું કે, "મુંગા પશુને લીલું તથા કુમળું ઘાસ અને ભેંસને કપાસીઆ અને ખોળ" ઉત્તમ આનંદકારક અને પ્રિયકર ખોરાક લાગે છે. હવે ધારો કે તેજ પશુ કે ઢોર માણસના રૂપમાં બદલાય તો આ ચીજો જેમ તેમને સર્વોત્તમ લાગશે નહિ પણ કંટાળવા યોગ્ય લાગશે, તેવીજ રીતે ઇહલૌકિક વાનાં જે આપણને અહીં મનહર ને આનંદકારક લાગે છે તે વાનાં "પરમરૂપમાં આપણે બદલાઇશું" ત્યારે કંટાળાજોગ દેખાશે ને સ્વર્ગી વાનાં સર્વોત્તમ થશે."

૪૩. લોહી શું કરી શકે?

એક વખતે એક માણસે એક સુવાર્તિકને પુછયું કે, તમે હમેશાં ઇસુ ખ્રીસ્તના લોહી વિષે બોલો છો, તો મને કહો કે ઇસુ ખ્રીસ્તનું લોહી આપણે વાસ્તે શું સારૂં કરી શકે છે?" સુવાર્તિકે ગંભિરતાથી જવાબ આપ્યો; તેનું લોહી જે કામ કરે છે તે આપણાં કરેલાં ઢગલાબંધ સુકૃત્યો, આપણી હજારો પ્રાર્થના, આપણા પસ્તાવાના દુઃખનાં સમુદ્રબંધ આંસુઓ, આપણું દ્રવ્ય, આપણાં તાલંત અને આપણી શક્તિ જે કરી નથી શકતાં તે ઇસુનું લોહી કરે છે, એટલે તે આપણાં બધાં પાપથી આપણને શુદ્ધ કરે છે!

તે માણસે સુવાર્તિકને પુછયું, શું તમારૂં કહેવું એવું છે કે ખ્રીસ્ત ઇસુનો નમુનો એ બધું કરે છે? સુવાર્તિકે જવાબ આપ્યો, નહિ! તેનું લોહી માત્ર; તેનું મરણ. તેનું જીવન નહિ. (એફે. ૧ ; ૭. ૧ કરીં. ૧૫ ; ૩). તો શું ખ્રીસ્તનો બોધ નહિ? નહિ! ઇસુ ખ્રીસ્તનું લોહી આપણાં પાપોની માફીને માટે વહેવડાયું છે. (માત્થી. ૧૬ ; ૨૮. રૂમી. ૫ ; ૮, ૧૦). ત્યારે એમ હશે કે તે લોહી આપણે શુદ્ધ થઇએ માટે મુદદકારક હશે? નહિ! લોહી આપણને શુદ્ધ કરનાર છે, મદદ કરનાર નહિ. તો ત્યારે બીજો કોઇ યજ્ઞ તે કામ નહિ કરી શકે? નહિ! કેવળ દેવનું હલવાન. (યોહા. ૧ ; ૨૯. હેબ્રી. ૧૦ ; ૪–૧૦). શા માટે કેવળ તેજ એકલો એ કામ કરી શકે? કેવળ દેવનો દીકરો એકલોજ એ કામ કરી શકે માટે. (યોહા. ૩ ; ૧૬. પ્રક. ૫ ; ૩). શું તે લોહી આપણને પાપના પ્યારથી બચાવી શકે? નહિ! પણ તે આપણા આત્માનું પ્રાયશ્ચિત્ત કરે છે. (લેવી. ૧૭). ત્યારે આપણું બદલાણ થાય તે પહેલાંનાં પાપથી આપણને શુદ્ધ કરે છે? હાઁ, અને ત્યાર પછીનાં પાપથી પણ.

(૧ યોહા. ૨ ; ૧). ત્યારે કેવળ અજાણુપણે કરેલાં પાપ તે માફ કરે છે? નહિ! પરમેશ્વર કહે છે કે 'બધાં પાપ' (પ્રે. કૃ. ૧૩ ; ૩૯. હેબ્રી. ૧૦ ; ૧૭).

આ પ્રમાણે દેવની સુવાર્તાનું સૌથી ચોકખું અને સાદું સત્ય આ છે કે "ઇસુનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરી શકે છે."

૪૪. જનરલ લી સાહેબની સભ્યતા.

જનરલ લી સાહેબ એક વખતે આગગાડીની મુસાફરી કરી કોઇ એક જગ્યાએ જતો હતો. જે ડબ્બામાં જનરલ સાહેબ બેસવા ગયો તે ડબ્બો સોલજરો અને અમલદારોથી ભરાઇ ગયો હતો, તેથી પાટલીને એક છેડે થોડી જગ્યા હતી ત્યાં જઇ તે સંકોચાઇને બેઠો. આગળ જતાં કોઇ એક સ્ટેશને નમ્રદેખાવની એક વૃદ્ધ સ્ત્રી, તે ડબ્બામાં આવી. તેણે આમ તેમ જગ્યા જોઇ પણ તેને માલમ પડી નહિ, તેમજ કોઇએ તેને તે આપી નહિ. તેણી ચાલતી ચાલતી જનરલ લી ભણી ગઇ ; તે એકદમ ઊભો થયો અને પોતાની જગ્યા તેને આપી. જ્યારે જનરલ પોતે ઊભો થયો ત્યારે બીજા માણસો તેને જગ્યા આપવા લાગ્યા, પણ જનરલ લીએ શાંત સ્વભાવે કહ્યું, "નહિ, ગૃહસ્થો! એક વૃદ્ધ અને અશક્ત અબળાને માટે જ્યારે જગ્યા નથી ત્યારે મારે સમજવું કે મારે માટે જગ્યા નથી." જનરલ લીના આ પ્રમાણે બોલવાથી તે ડબ્બામાં બેઠેલાઓ પર જાણવાજોગ અસર થઇ. એક પછી એક ડબ્બામાંથી નિકળી ગયા અને પછી જનરલ લી તથા પેલી વૃદ્ધ સ્ત્રીને માટે પુષ્કળ જગ્યા થઇ. એ પ્રમાણે સભ્યતા તે અમીરી દર્શાવનારૂં ચિન્હ છે, પણ ઉછાંછળાપણું તે હલકાઇ દર્શાવનારૂં છે. ઘણા માણસો આ વિષે ભૂલ ખાય છે, કે જાણે કે અમારી મોટાઇ તે અમારી અમીરી છે.

અને એમ સમજીને બહુ ઉછાંછલાપણે વર્તે છે. (જુઓ, ૨ રાજા ૫; ૩, ૧૩. ઉત્પ. ૪૧; ૩૩–૩૭. પ્રે. કૃ. ૧૬).

૪૫. સોબત તેવી અસર.

ઇ. સ. ૧૮૪૩ માં સુલતાનપુર પાસે આવેલા ચપ્રા ગામમાં એક ખેડુત રહેતો હતો. તે પોતાનાં બાયડી છોકરાંને લઇને એક દિવસે ખેતરમાં કાપણી કરવા ગયો. તેને ત્રણ વર્ષનો એક નાનો છોકરો હતો, તેના ઘુંટણે કંઇ દર્દ નિકળ્યું હશે તેમાંથી થોડા દિવસ ઉપરજ સાજો થઇ ઉઠયો હતો. આ છોકરાનો બાપ ખેતરમાં કાપતો હતો, એવામાં એક વરૂ તે છોકરા ઉપર ધસી આવ્યું અને તેને ઉપાડી કોતરમાં નાસી ગયું. લોકો તે વરૂની પાછળ લાગ્યા પણ કાંઇ પત્તો લાગ્યો નહિ. આ બનાવ બન્યા પછી છએક વર્ષે બે સિપાઇઓ જંગલી ડુક્કરની ભાળ કાઢવા ગયા હતા. તેઓએ ત્રણ વરૂનાં બચ્ચાંને અને એક છોકરાને જંગલમાંથી આવતાં અને નાળામાં તરસ છીપાવવા જતાં જોયાં. પાણી પીધા પછી ચારે દોડતાં દોડતાં કોતરમાં પોતાના રહેઠાણ તરફ ગયાં. સિપાઇઓ તેમની પાછળ દોડ્યા અને તેઓ ત્યાં જઇ પહોંચ્યાં પહેલાં ત્રણ વરૂનાં બચ્ચાં રહેઠાણમાં ભરાઇ ગયાં પણ છોકરો અર્ધો કોતરમાં અને અર્ધો બહાર હતો તેવામાં પેલા સિપાઇઓએ તેને પગે પકડ્યો અને બહાર ખેંચી કાઢયો. છોકરો તદ્દન જંગલી હતો, તે સિપાઇઓને કરડ્યો અને બંદુકની નળી મ્હોમાં ઘાલી સખત આચકો માર્યો, પણ સિપાઇઓએ તેને છોડયો નહિ અને ઘેર લઇ ગયા. વીસ દિવસ સુધી સસલાં અને પક્ષીઓનું કાચું માંસ તેને ખાવાને આપ્યું, પણ આવો ખરચ તેમને ભારે પડવાથી કોયેલેપુરની બજારમાં ધર્માદા ઉઘરાણું કરવા તેને લઇ ગયા. એવામાં પેલા ચપ્રા ગામના એક માણસે *આ છોકરાને જોયો અને પોતાના

ગામમાં જઇ જોએલી બધી વાત જાહેર કરી. પેલા છોકરાનો બાપ મરી ગયો હતો પણ તેની મા જીવતી હતી. તેણીએ પેલા માણસને છોકરા વિષે બધી વાત પુછી ને ઉતાવળી બજારે ગઇ. પોતાના છોકરાને ઘુંટણ ઉપર જે ડાઘ હતો તે તથા જાંગ ઉપર જન્મનું લાખું હતું તે બધું જોઇ તેને ઓળખ્યો, ને પોતાને ઘેર તેને લઇ આવી. પગના ઘુંટણો તથા હાથની કોણીઓ હમેશાં હાથ પગે ચાલવાથી સખત થઇ ગયાં હતાં અને ઊભો થઇ શકતો ન હતો. વાસણમાં મ્હો ઘાલી પાણી પીતો, અને કાચું માંસ ખાતો. વળી બળદ કે કંઇ જાનવર મરી જાય ત્યારે કુતરાઓ સાથે માંસ ખાવા દોડી જતો. (ગ્રીનવુડ). સોબતની અસર કેવી થાય છે? માણસ બદલાઇને વરૂ થાય છે!!

૪૬. ખ્રીસ્તી ધર્મ માણસને વધારે દયાળુ ને કોમળ બનાવે છે.

એક વખતે ઈંગ્લાંડમાં મેથોડિસ્ટ દેવળમાં એક પુરૂષે પ્રેમોત્સવમાં ઊભા થઇને કહ્યું કે "મારી સ્ત્રી જ્વરથી મરણ પામી છે અને ત્યાર બાદ એક પછી એક સર્વ છોકરાં મરણ પામ્યાં છે, તેમ છતાં પણ જાણે કે કંઇ બન્યું ન હોય એવી રીતે મારૂં મન શાંત અને પ્રસન્ન છે પણ મને કંઇ પણ પીડા થતી નથી અને દુઃખનો સહેજ પણ ઝાટકો લાગતો નથી. અને હું ધારૂં છું કે એનું કારણ એવું છે કે, મારૂં મન ઇશ્વરથી રક્ષિત છે અને તેમાં કંઇ પણ ઉદ્વેગ પ્રવેશ કરી શકતો નથી. હાલમાં તમારી સાથે વાત કરૂં છું ત્યારે મારા મનમાં કંઇ પણ શોક નથી." જેવો તે બોલી રહ્યો કે તરતજ મંડળીનો પ્રમુખ, ડાહ્યો અને હિમ્મતવાન વૃદ્ધ ઉપદેશક ઉભો થયો ને બોલ્યો; "હવે ભાઇ, ઘેર જાઓ અને તમારી એકાંત કોટડીમાં ઘુંટણીએ પડી ઇશ્વરને નમન કરો; અને બને તો જ્યાં સુધી બદલાઇ જઇ નવાજ માણસ થાઓ ત્યાં સુધી પ્રાર્થના કરતાં

ઉઠશો નહિ. તમોએ અમને જે વાત કરી તે કંઇ ઇશ્વરી કૃપાનું ચિન્હ નથી. એ તો કોઇ પણ ખ્રીસ્તીમાં મેં કદી પણ નહિ જોયું હોય એવું કઠણમાં કઠણ હૃદયનું લક્ષણ છે. તમે એક સાધુ પુરૂષ હોવાને બદલે સામું જોઇ શકાય એવા પાપી જેટલા પણ ભાગ્યેજ સારા છો. ધર્મ કદી પણ મનુષ્યમાંથી દયાભાવ લઇ લેતો નથી પણ એ તો તેને વધારે દયાળુ બનાવે છે. અને જો તમારામાં મનુષ્યત્વનો કંઇ પણ અંશ હોત તો જેવાં દુઃખો તમારા ઉપર આવી પડયાં તેવાં દુઃખથી તમારૂં કલેજું ફાટી જવું જોઇતું હતું...તેથી હું તમને ચેતવું છું કે હવે પછી એ વાત પ્રેમોત્સવમાં કદી પણ કરશો નહિ." (કર્ત્તવ્ય). એમ ધાર્મિક માણસનું હૃદય અન્ય કરતાં વધારે કોમળ અને દયાળુ હોય છે.

૪૭. 'માણસ જેવું વાવે તેવું લણે.'

મુડી સાહેબ કહે છે કે હું એક વખતે 'માણસ જેવું વાવે તેવું લણે' એ વાત વિષે ભાષણ આપતો હતો, એવામાં શ્રોતાજનોમાંનો એક મારી સામો આવીને ઉભો રહ્યો અને કહેવા લાગ્યો કે, "હું તમારી તે વાત માનતો નથી કે માણસ જેવું વાવે તેવું લણે." મુડી સાહેબે તેને કહ્યું કે "મારા મિત્ર જે ખરી વાત તે ખોટી પડતી નથી. જે સત્ય તે સત્યજ છે, તમો માનો કે ના માનો." પણ તે વાત તેના માનવામાં આવી હોય એમ લાગતું ન હતું. એટલામાં એવું બન્યું કે સભા બરખાસ્ત થતાં એક પોલીસ અમલદાર બારણા આગળ આવીને ઉભો રહ્યો અને પેલા માણસને પકડી મુસ્કેટાટ કરી કચેરીમાં લઇ ગયા, અને ત્યાં ચોરીના ગુન્હાને માટે તેને બાર માસની કેદ મળી. હું ખાતરીથી માનું છું કે કેદખાનામાં તેને ઉપલી વાતની ખાતરી થઇ હશે કે માણસ જેવું વાવે તેવું તે લણે.

૪૮. સ્વર્ગની ત્રણ અજાયબીઓ.

જોન ન્યુટન કહે છે કે જ્યારે હું સ્વર્ગમાં જઇશ ત્યારે ત્યાં હું ત્રણ અજાયબી જોઇશ. (૧) ઘણા માણસો કે જેઓ વિષે હું નહોતો ધારતો કે તેઓ અહીં હોય, તેઓ ત્યાં મારા જોવામાં આવશે. (૨) ઘણા માણસો, જેઓ વિષે હું એમ ધારતો હતો કે તેઓ ત્યાં મને મળશે તેઓ ત્યાં દેખાશે નહિ. (૩) સૌથી મોટી અજાયબી કે હું પોતાને ત્યાં જોઇશ!

૪૯. માફીની જાણવાજોગ અસર.

એક પલટણમાં એક વખતે એક સિપાઇને કંઇ ગુન્હાને માટે સેનાપતિ રૂબરૂ ખડો કરવામાં આવ્યો. આ સિપાઇ પલટણમાં ગુન્હા કરવામાં જાણીતો થયો હતો અને ઘણી વખતે તેને શિક્ષા કરવામાં આવી હતી. તેથી સેનાપતિની આગળ લાવનાર અમલદારે સિપાઇનું નામ દઇ કહ્યું 'સાહેબ, આ ફરી પકડાયો છે.' આ સિપાઇને પલટણના કાયદા મુજબ ફટકાનો માર, અપમાન અને એકાંત અંધારી કોટડીની શિક્ષા ઘણી વખતે કરવામાં આવી હતી પણ કંઇ સુધારો થયો નહોતો. આ વખતે સેનાપતિ સાહેબ વિચાર કરી બોલ્યા "એક વાત છે કે જે તેને માટે હજી કરવામાં આવી નથી." અમલદાર બોલ્યો કઇ વાત? સેનાપતિએ કહ્યું "તેને કદી માફી આપવામાં આવી નથી." આ સાંભળી પેલો અમલદાર અજાયબી સાથે બોલ્યો 'માફી!' સેનાપતિ થોડીવાર વિચાર કરી બોલ્યો 'તે કેદીને અંદર લાવો' પછી તેને પુછયું આ કેસમાં તારે કંઇ કહેવું છે? "ના, સાહેબ. માત્ર મારા ગુન્હાને માટે દિલગીર છું."—પછી સેનાપતિ મમતાળુ અને દયાળુ મુખે તેની ગમ ફર્યો અને બોલ્યો, "વારૂ, તારે માટે અમો બધું કરી ચુક્યા છીએ અને અમોએ ઠરાવ કર્યો છે કે હાલ તને "માફી બક્ષવી." પેલો સિપાઇ આવા આશ્ચર્ય-

કારક શબ્દો સાંભળીને સ્તબ્ધ થઇ ગયો. તેની આંખમાંથી આંસુ વહેતાં થયાં અને નાના બાળકની માફક પોક મુકીને તે રડ્યો, ને ખૂબ શરમિંદો બની હજુરમાંથી ચાલ્યો ગયો. ત્યાર પછી તેના વિષે એવું કહેવાય છે કે તે છેક એક નવો માણુસ થયો. તે બધી રીતે સુધરી ગયો અને પોતાની ફરજ બહુ સારી રીતે બજાવવા લાગ્યો.

એજ પ્રમાણે પરમેશ્વરે પાપી આત્માઓ વિષે કીધું છે. બધી રીતે માણુસ દંડને જોગ થએલું, ને દેવની કૃપાની સામે લાત ઉઠાવી છે. પોતાથી કે કોઇ પોતાના અન્ય ઉપાયથી, દૂતોથી કે સંતોથી જ્યારે આ કામ થયું નહિ ત્યારે દેવે, ઇસુ ખ્રીસ્તની મારફતે (પ્રે. કૃ. ૪; ૧૨) જે આત્મા તેની પાસે જાય છે તેને માફીનું મહાન કૃપાદાન આપવાને ઠરાવ્યું છે (પ્રે. કૃ. ૧૬; ૩૧). જે આ કૃપાદાન પામ્યો છે તેનામાં અજાયબ જેવો ફેરફાર થયો છે.

૫૦. દેવનું રાજ્ય નાના બાળકની માફક શોધો.

આ દુનિયામાં પોતાના જીવન વિષે નાનું બાળક સૌથી વધારે નિરૂપાય છે, તેનો બધો આધાર તેનાં માબાપના પ્રેમ પર રહેલો છે. તે પોતાની સઘળી ગરજ અને અરજ માત્ર રડીને જાહેર કરી શકે છે. અને એ વડે તેની સઘળી જરૂરીઆતો માનું હૃદય સમજી શકે છે. જો આપણે તે નાના બાળકની ભાષા સમજીએ તો તે રડીને એમ કહે છે, મા, મને ધોઇ નાખો, કેમકે હું પોતાને ધોઇ શકતો નથી. મા, મને પહેરાવો, કેમકે હું નગ્ન છું મારી મેળે નંગાપો ઢાંકી શકતો નથી. મા, મને ખવાડો, હું પોતે ખાઇ શકતો નથી. "મા...પોતાના ધાવણા બાળકને વિસરે પરંતુ હું તને વિસરીશ નહિ." આકાશનું રાજ્ય બાળકની માફક મેળવવાને યત્ન કરો. પોતાને પુરા લાચાર સમજી ખ્રીસ્તની પાસે

આવો, ને બાળકની માફક માગો ; પ્રભુ ઇસુ, મને શુદ્ધ કરો, મને પહેરાવો, મને ખવાડો, મને ચલાવો અને મને બચાવો, હું નાશ પામું છું. એમ કરીએ તો બધી રીતે પ્રભુ ઇસુ આપણને બચાવે છે.

૫૧. "તમો પોતાના નથી."

કોઇ એક બાળક પાસે એક પૈસો છે, તેની સાથે તે રમે છે. પછી થોડી વારમાં દુકાને જાય છે અને એક પૈસાની કંઇ ચીજ ખરીદે છે. પછી તે ચીજ અને પૈસો બંને પોતાની પાસે રાખવા તે માગે છે! તેના વિષે હરકોઇ કહે કે તે બાળક છે, તે હજી કંઇ સમજતું નથી. જો તમો કોઇ પણ ચીજ ખરીદો તો તેની કિંમત તમો પોતાની પાસે રાખી શકતા નથી. બેમાંથી એક આપણે રાખી શકીએ. તેજ પ્રમાણે જો તમો પોતાનાજ રહેવા માગો તો જેણે તમારે માટે કિંમત ભરી આપી ખરીધા તેના તમો નથી. પણ જો તમો ખરીદનારે જે કિંમત આપી તે તમો લેવા માગો તો તમારે તેના હાથમાં સોંપાવું જોઇએ. હવે આપણે ખ્રીસ્ત ઇસુના ખરીદાયલા છીએ, તો આપણે હવે પોતાના નથી. પણ ખ્રીસ્ત ઇસુ જેણે આપણે માટે કિંમત ભરી ખરીદી લીધા તેના છીએ. પ્રભુ ઇસુ બધી રીતે આપણો ઉદ્ધાર છે, કેમકે તે આપણો ખરીદનાર એટલુંજ નહિ પણ આપણી કિંમત પણ તેજ છે.

૫૨. સહનશીલતાનો એક દાખલો.

સર ઐઝાક ન્યુટને, ખગોળવિદ્યા સંબંધી એક મહાન પુસ્તક પૈસા તથા મહેનતનો મોટો ભોગ આપીને તથા ઘણાં વર્ષો સુધી શોધ કરીને લખ્યું હતું. પુસ્તક પુરૂં થયું ત્યાર પછી તે તેને ફરીને બરાબર તપાસતો હતો, તેવામાં તેનો એક માનીતો કુતરો જે 'ડાયમંડ' નામથી ઓળખાતો હતો તે

તેની લખવાની ટેબલ ઉપર ગયો. એવામાં તેના આચકાથી પાસે મુકેલી મોટી બત્તી ઉંધી વળી ગઇ અને તેની બધી મહેનત ફોકટ ગઇ, કેમકે મહા મહેનતે લખેલું તેનું કિંમતી પુસ્તક આ રીતે બળીને ભસ્મ થઇ ગયું! આવા ગુસ્સા અને દુ:ખના વખતમાં પણ સર અઇઝાક ન્યુટને પોતાના મનનું સમતોલપણું જાળવી રાખ્યું અને માત્ર એટલુંજ બોલ્યો, "અરે! ડાયમંડ, ડાયમંડ, મારી કેવી કિંમતી ચોપડી તેં નાશ કીધી! અરે! તું જાણતો હોત તો તેમ કદી નહિ કરત! અફસોસ." આ કરતાં તે કંઇ વધારે બોલ્યો નહિ.

૫૩. નીચે નમતા શિખો.

બેન્જામીન ફ્રાંકલીન પોતાની જુવાન વયમાં એક દિવસે એક ભલા પાદરી સાહેબને ઘેર મુલાકાતે ગયો. જ્યારે તેણે પોતાને ઘેર પાછા જવાની રજા લીધી ત્યારે પાદરી સાહેબે તેને ઘરમાંથી બહાર નિકળવાનો ટુંકો રસ્તો બતાવ્યો. તે રસ્તામાં થોડે ઉંચે એક આડો ભારોટીઓ આવેલો હતો. તેઓ વાતો કરતા ચાલતા હતા, એટલામાં પાદરી સાહેબ એકદમ બોલી ઉઠયા કે, 'નીચા નમો, નીચા નમો!' બેન્જામીન ફ્રાંકલીન કંઇ સમજ્યો નહિ પણ જ્યારે તેનું માથું પેલા ભારોટિયા સાથે અથડાયું ત્યારે તે સમજ્યો. પછી પાદરી સાહેબે તેને કહ્યું કે, "તું જુવાન છે અને તારે હજી આખો જન્મારો કાઢવાનો છે, માટે નીચો નમી ચાલજે એટલે તારૂં માથું ઘણા સખત ઘાઓથી બચી જશે."

૫૪. સાબ્બાથ.

એક ખ્રીસ્તી માણસે એક વખતે પોતાના માણસને સાબ્બાથ વારે કામ કરવાને ઉશ્કેરતાં કહ્યું કે, શું શાસ્ત્રમાં લખ્યું નથી કે "કોઇનું ગધેડું અથવા બળદ કુવામાં પડ્યો હોય તો તરત વિશ્રામવારે તેને નહિ કાઢે શું?" તે માણસે

જવાબ આપ્યો કે, "પણ જો ગધેડાને દર વિશ્રામવારે કુવામાં પડવાની ટેવ પડી હોય તો હું ગમે તો કુવો પુરાવી દઉં અથવા તો ગધેડાને વેચી દઉં."

૫૫. ખાણ ખોદનાર કેવી રીતે બચ્યા?

આસરે એક સદી પહેલાં ઈંગ્લાંડ દેશના ઉત્તર ભાગમાં કોલસાની ખાણમાં મજુરો કોલસા ખોદવાનું કામ કરતા હતા. તેઓ ખોદતાં ખોદતાં ઘણા મૈલ સુધી સમુદ્રની નીચે ગયા, અને તેથી કરીને માણસ પોતાનો માર્ગ ભુલી જાય એવું જોખમ હતું. બે વૃદ્ધ ખાણ ખોદનાર માણસો વિષે એવું સાંભળવામાં આવ્યું છે કે, તેઓ માર્ગથી ભુલા પડ્યા. અને તેઓની બત્તી ઓલવાઇ ગઇ. આથી કરીને તેઓ પોતાની જીંદગીના મોટા જોખમમાં આવી પડ્યા. આમ તેમ ઘણો વખત રખડ્યા પછી તેઓ એક જગ્યાએ બેઠા. પછી તેઓમાંના એકે કહ્યું કે, આપણે શાંત થઇ બેસીએ અને જોઇએ કે હવા કઇ તરફથી આવે છે, કેમકે હવા હમેશાં ખાણના મુખ તરફથી આવે. પછી તેઓ ઘણા લાંબા વખત સુધી શાંતતાથી બેસી રહ્યા; એવામાં તેમાંના એક માણસને પોતાના ગાલ ઉપર હવા લાગી. એટલે તે તરત ઉભો થઇ કહેવા લાગ્યો કે, મને હવા લાગી. તેથી તેઓ જે દિશામાંથી હવા આવતી હતી તે તરફ ચાલ્યા અને ખાણના મુખપર આવી પહોંચ્યા. એજ પ્રમાણે કોઇ કોઇ વખત પ્રભુ તરફથી આપણા આત્માને હવાની માફક અસર થાય છે, પણ તે અસર એવી છે કે આપણે ભાગ્યેજ તેને જાણી શકીએ; પણ જો તમો જાણો તો તેનો અનાદર નહિ કરશો. પ્રભુનો ઉપકાર માનીએ કે તે આપણી સાથે બોલે છે, માટે આપણે તેની સામે થઇ ઉલટી દિશામાં નહિ જતાં તેને આધીન થઇએ. જે માર્ગે તે તમને દોરે છે તેમાં જો

તમો પોતાને સોંપી દેશો તો તમો અંધકારમાંથી નિકળી ખરા અજવાળામાં અને સુખની સહિસલામતી ભરેલી જગ્યામાં આવી જશો.

૫૬. અમેરિકાના જંગલની ભયંકર આગ.

દેશની પશ્ચિમ બાજુમાં આવેલા જંગલમાં જ્યારે શિકારીઓ શિકાર કરવા જાય છે ત્યારે કોઇ કોઇ વખતે જંગલ સળગી ઉઠે છે અને ખુલ્લું મેદાન હોવાથી અગ્નિનું જોર બહુ થાય છે. વીસ વીસ ફુટ ઉંચી અગ્નિની જ્વાળા ચઢી કલાકના ત્રીસ કે ચાળીસ મૈલની ઝડપે ચાલી માણસ અને જાનવર જે કંઇ વચમાં આવે તેને બાળીને ભસ્મ કરી નાખે છે. જ્યારે શિકારીઓ આવા ભયમાં આવી પડે છે ત્યારે તેઓ સમજે છે કે અગ્નિ જેટલી ઝડપથી ચાલી શકે છે તેટલું આપણે ચાલી શકવાના નથી. બહુ તેજ ઘોડો પણ અગ્નિના હાથમાંથી છટકી જાય એમ નથી. એથી કરીને શિકારીઓ નાસતા નથી પણ તેઓ દિવાસળી લઇને પોતાની આજુબાજુનું ઘાસ સળગાવી દે છે. અગ્નિ સુસવાટો મારતો તેમની પાસે આવે છે પણ તેમને બીક લાગતી નથી. કેમકે જે જગ્યા ઉપર તેઓ ઉભા છે ત્યાંનું ઘાસ બાળી નાખવામાં આવ્યું છે અને હવે અગ્નિને ત્યાં કંઇ બાળવાનું રહ્યું નથી. વહાલાઓ, આ દુનિયા આ મોટા જંગલ જેવી છે અને પાપરૂપી અગ્નિ સળગી ઉઠયો છે! પણ એક પહાડ એવો છે કે જ્યાં દેવના કોપરૂપી અગ્નિએ બધું બાળી ભસ્મ કરી નાખ્યું છે અને હવે ત્યાં અગ્નિને માટે કંઇ રહ્યું નથી. જો કોઇ પાપી આત્મા આ પાપરૂપી ભયંકર અગ્નિથી બચાવ પામવા ચાહે, તો તે આ પહાડ જેનું નામ કાલવરી છે ત્યાં દોડી જાય. અહીં દેવના કોપરૂપી અગ્નિની જ્વાળા દેવના પુત્ર ઇસુ ખ્રીસ્તની ઉપર થઇ પસાર થઇ છે, માટે તમો

ખ્રીસ્તના મરણસ્તંભ પાસે જઇ ઉભા રહો અને તમારો બચાવ થઇ જશે, એ સિવાય બચાવનો બીજો ઉપાય નથી.

૫૭. શેતાન ચુપ થઇ ગયો.

જો તમોને લાગે કે હું ઘણો કંજુસ થતો જાઉં છું તો તેને અટકાવવાને ન્યુયોર્ક શહેરના એક ગૃહસ્થ ખેડુતે કીધું તેમ કરો. આ ખેડુત કંજુસાઇમાં પ્રસિદ્ધી પામ્યો હતો પણ તે ખ્રીસ્તી થયો. થોડા વખત પછી એવું બન્યું કે, એક ગરીબ માણસ આગથી દાઝી ગયો. બિચારા પાસે ખાવાનું ન હતું તેથી તે ઉપલા ખેડુત પાસે મદદ માગવાને ગયો. ખેડુતે વિચાર કીધો કે મારે ઉદાર થઇ તેને ગોસ્તની એક જાંગ ગુદામમાંથી આપવી. તે ખેડુત એવો વિચાર કરી ગુદામમાંથી તે લેવા ચાલ્યો, ત્યારે શેતાન રસ્તામાં તેની પાસે આવી તેને સમજાવવા લાગ્યો કે, "તારી પાસે જે સોથી નાની જાંગ હોય તે તેને આપજે." તેથી ખેડુત મોટી ગુંચવણમાં આવી પડ્યો, કે મારે હવે મોટી આપવી કે નાની? એવો વિચાર કરતાં તેણે ગુદામમાંથી જે સોથી મોટી જાંગ હતી તે ઉપાડી. શેતાન બડબડવા લાગ્યો કે "તું મૂર્ખ દેખાય છે, હજી વખત છે, મોટી મુકી દે." ખેડુતે પરીક્ષકને જવાબ આપ્યો કે "મારી પાસે ગુદામમાં જેટલી જાંગ છે તેટલી બધી આપી દઇશ" આ સાંભળી શેતાન ચુપ થઇ ગયો.

૫૮. શ્રોતાજનોની બેદરકારીનો એક દાખલો.

અમેરિકાના ચિકાગો શહેરમાં બાંધકામ ખાતાનો એક મિસ્ત્રી ખ્રીસ્તી થયો. તેણે પોતા વિષે એવી સાક્ષી આપી કે મને દેવળમાં જવાને ઘણાં વર્ષથી ટેવ પડી હતી, પણ આ બધા વખતમાં કોઇ પણ ભાષણ પર મેં ધ્યાન આપ્યું હોય એમ હું કહી શકતો નથી. જ્યારે મંડળીનો અધ્યક્ષ આધાર વચન વાંચીને બોધ શરૂ કરતો ત્યારે હું બાંકડાના એક છેડે

બેસી કોઇ ઇમારતનો નકશો કાઢવાને શરૂ કરતો, અને એમ દેવળમાં બોધભાષણ સાંભળવાના વખતમાં મેં ઘણા નકશા તૈયાર કર્યા હતા. હું એક બે કંપનીનો આ સંબંધે ભિસ્ત્રી હતો અને મેં મારા બધા નકશા, ઉપર મુજબ તૈયાર કરી તેમને પુરા પાડયા હતા! જુઓ, શેતાન બોધક અને શ્રોતા વચ્ચે પણ હાજર થઇ વચનરૂપી સારાં બી કેવી રીતે લઇ જાય છે! માટે શ્રોતાજનોએ એ ઉપરથી સાવધાન રહેવું.

૫૯. ત્રણ વર્ગ.

કોઇ એકે એવું કહ્યું છે કે, માણુસ જાતના ત્રણ વર્ગ છે. એટલે ૧ 'જોઇએ;' ૨ 'નહિ જોઇએ;' ૩ 'નહિ બની શકે.' ઉપલા ત્રણ વર્ગમાં માણુસ જાત વહેંચાયલી છે. પહેલો વર્ગ બધું કરી શકે છે. બીજો વર્ગ બધાની સામો થાય છે. અને ત્રીજો વર્ગ બધામાં પાછો પડે છે. તમો કયા વર્ગમાં છો?

૬૦. બલઆમનો ગધેડો.

મુડી સાહેબ કહે છે કે મારો એક મિત્ર સ્કૉટ્લાંડ દેશ પાછો જતો હતો ત્યારે અર્વાચીન તત્વશાસ્ત્રીઓનું એક જોડું પવિત્રશાસ્ત્ર સંબંધી ચર્ચા કરતું હતું. એકે કહ્યું, "બૈબલમાં લખ્યું છે કે 'બલઆમનું ગધેડું બોલ્યું.' હવે એ વાત હું માન્ય કરી શકતો નથી, કેમકે મેં ગધેડાના જડબાની તપાસ કરી છે અને વિદ્યા પ્રમાણે મને માલમ પડયું છે કે, ગધેડાનું જડબું એવી રીતે બનાવવામાં આવ્યું નથી કે તેને વાચા થઇ શકે. આ વાત માની આ વિદ્વાનનો વિશ્વાસ આખા બૈબલ પરથી ઉઠી જવાની તૈયારીમાં હતો. એવામાં તેમની પાસે બેઠેલા પેલા મારા મિત્રે કહ્યું, "અરે ભાઇ, તમે એક ગધેડો બનાવો તો હું તેને વાચા આપું! તમે શું એવી મૂર્ખાઇની વાત કદી સાંભળી છે? કે જે પરમેશ્વર ગધેડું બનાવી શકે તે પરમેશ્વર

ગધેડાને વાચા આપી નહિ શકે!! આ પરથી શિખીએ કે શાસ્ત્રની વાતનો વિચાર કેવળ પોતાના જ્ઞાન પર અઢેલી કરવો નહિ પણ પ્રભુની અદ્‌ભૂત શક્તિ વિષેનો વિચાર કરી સમજવાને તેની પાસે જ્ઞાન માગવું.

૬૧. એક ઝીણી કોમળ વાણી.

એક નાના છોકરાએ એક વખતે એક ઝાડપર એક નાની ચકલી બેઠી હતી તે જોઇ પોતાના હાથમાં પત્થર લીધો અને જેવો તેને મારવા જાય છે તેવી એક કોમળ ઝીણી વાણી તેના સાંભળવામાં આવી કે 'નહિ'! તે છોકરો આમતેમ ફરી જોવા લાગ્યો કે કોણ બોલ્યું? પણ ત્યાં કોઇ તેને માલમ પડયું નહિ. પણ વાણી એટલી સ્પષ્ટ તેણે સાંભળી કે પત્થર તેણે ફેંકી દીધો, અને ત્યાર પછી તે છોકરાએ પક્ષીઓને કે કોઇપણ પ્રાણીઓને કદી દુઃખ દીધું નહિ. તે છોકરો મોટો થતાં ઘણો ભલો નીવડયો, અને અમેરિકાના ગુલામોને છૂટા કરવાને તે એક સાધનભૂત થયો! એક નાની ઝીણી વાણીને આધીન થવાથી તે છોકરો કેવો ભલો થયો!

૬૨. આંધળો હાથી.

કોઇ એક અમલદારને ત્યાં એક હાથી હતો તેને કંઇ આંખનું દરદ થયું અને ત્રણેક દિવસમાં તે આંધળો થયો. તેના ધણીએ તેની તપાસ કરવાને એક ડાકટરને બોલાવ્યો, કે તે તેને જુએ અને બની શકે તો કંઇ દવા કરે. ડાકટર સાહેબે તેની તપાસ કરીને કહ્યું કે, આ એક સાધારણ દવાનો ઉપયોગ તેની આંખને માટે કરી જોઇએ; તે એ કે જેમ માણસની આંખમાં 'કાસ્ટીક' નાખવામાં આવે છે તેમ તેની એક આંખમાં પ્રથમ તે દવા નાખી જોઇએ. દવા નાખવાને હાથીને જમીન પર નાખવામાં આવ્યો અને જ્યારે તેની આંખમાં દવા નાખવામાં આવી ત્યારે દવાની બળતરાને લીધે

તેણે ત્રાસદાયક બૂમ પાડી. પણ દવાની અસર બહુ સારી થઇ, આંખ ઘણે ભાગે સારી થઇ અને હાથી તે આંખે થોડું ઘણું જોવા લાગ્યો. પછી બીજે દિવસે જ્યારે ડાકટર તેની આંખમાં દવા નાખવાને તૈયાર થયો ત્યારે આ હાથીને તેની પાસે લાવવામાં આવ્યો. ડાકટરનો અવાજ સાંભળી હાથી પોતાની મેળે જમીન પર સુઇ ગયો અને પોતાનું માથું સ્થિર રાખી, સુંઢનું ગુંછળું વાળ્યું અને માણુસને કંઇ કરવાનું હોય ને તે પોતાનો શ્વાસ ઉંડી રીતે લે છે તેમ તે લેવા લાગ્યો! અને જ્યારે કામ પૂર્ણ થયું ત્યારે જાણે ડાકટરનો આભાર માનતો હોય તેમ દેખાયો! પણ મનુષ્ય કેવું કૃતઘ્ન છે કે જે વિષે એક પેગંબર એવું કહે છે કે, "બળદ પોતાના માલિકને ઓળખે છે ને ગધેડો પોતાના ધણીની ગભાણ જાણે છે, પણ ઇસ્રાએલ જાણતો નથી, મારા લોક વિચાર કરતા નથી."

૬૩. ઓલીવીઅનના છેલ્લા શબ્દો.

ભક્ત ઓલીવીઅન જ્યારે મરણપથારીમાં છેલ્લો શ્વાસ મુકવાની તૈયારીમાં હતો, ત્યારે પ્રભુના વચનથી દિલાસો લેતાં કહેવા લાગ્યો,—"પર્વતો ખસી જાય અને ડુંગરો ચળે, પણ તારી કૃપા મારા પરથી ખસી જશે નહિ" (યશા. ૫૪; ૧૮). જો કે મરણની ભારે વેદનામાં તે હતો એમ છતાં તે કહેવા લાગ્યો કે, હવે લાગણી ખલાસ થાય છે, દૃષ્ટિ બંધ થાય છે અને બોલવાની તેમજ સાંભળવાની શક્તિ મને મુકી દે છે; તોપણ **પ્રભુની પ્રેમી કૃપા** મને મુકી દેશે નહિ. ખરેખર જેઓ પ્રભુ ઉપર પોતાનો સઘળો ભરોસો અને આધાર રાખે છે તેઓને આવી ખાતરી આપવામાં આવે છે. જો પ્રભુ પોતાના ભક્તોને મુકી દે, તો તેઓ તેનાથી ભટકી જાય અને મરી જાય. માટે પ્રભુ પોતાની બીક તેમના હૃદયમાં મુકે છે કે તેઓ તેનાથી ભટકી ન જાય. આપણે

આવા ખાતરી ભરેલા વચન ઉપર ભરોસો રાખતાં જીવીએ અને મરીએ તો કેવું સારૂં! પ્રભુનાં વચનોનો ભરોસો કેવો દિલાસો દે છે!!

૬૪. નર્કનો કુતરો.

કુતરો જ્યારે કોઇ પણ માણુસ જમવાને બેસે છે ત્યારે તે પુછડી હલાવતો અને ખાવામાંથી કંઇ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખતો સામું જોયા કરે છે, પણ જ્યારે તેને કંઇ પણ આવકાર આપવામાં આવતો નથી ત્યારે તે નિરાશ થઇ પોતાને માર્ગે ચાલતો થાય છે. બેન-હદાદના ચાકરો પ્રમાણે શેતાન આપણા ઠરાવો અને યોજનાઓની તપાસ રાખતો ફરે છે, કે મને તેમાંથી કંઇ પ્રાપ્ત થાય (૨ રાજા. ૮). તે આપણી તામસી ભાષા, ભુંડી કલ્પનાઓ, ક્રોધી ચાળા અને નાખુશી દર્શક શબ્દોની રાહ જોતો ઉભો રહે છે અને જ્યારે તેને તે વિષે કંઇ આવકાર મળતો નથી ત્યારે તે નાહિમ્મત થઇ પાછો પોતાને માર્ગે ચાલ્યો જાય છે. નર્કના કુતરાને ખુશી કરવો તે ખરેખર બહુ શરમ ભરેલું છે. તે ભલે પુછડી પટપટાવતો લાંબો વખત જોયા કરે પણ તેને મન ગમતું જોવાને કે મન ગમતું સાંભળવાને કદી આવકાર આપશો નહિ. અરે! કૃપાપ્રાપ્તિને માટે તેને ભૂખ્યો કાઢો, તેનો તિરસ્કાર કરો અને તેની પોતાની બોડમાં જવાને તેને ફરજ પાડો; હા, પ્રેરિતના કહેવા પ્રમાણે "શેતાનને જગ્યા ન આપો." આપણે તેની કુયુક્તિઓથી કંઇ અજાણ નથી, માટે આ સર્પને, ધૂળ જે તેનો પોતાનો ખોરાક છે તેજ ખાવા દો.

આ યુક્તિબાજ કુતરાને દૂર કરવાને પ્રાર્થના તથા સાવધાની રાખવાની બહુ જરૂર છે. જ્યારે તે આપણા પ્રભુ પાસે પુછડી હલાવતો હલાવતો આવ્યો ત્યારે તેનામાં તેને કશું મળ્યું નહિ, પણ તે દુષ્ટ ખુશી થાય એવું આપણામાં

તેને ઘણું મળી આવે છે. પ્રભુ આપણા પર કૃપા કરો ને આ 'જુંડાથી આપણો છૂટકો' કરો.

૬૫. સરવીઆના રાજા ઉપર આવેલો તાકીદનો પત્ર.

યુરોપ ખંડની અગ્નિ કોણમાં સરવીઆ નામનો એક નાનો દેશ આવેલો છે. જો કે રાજ્ય બહુ મોટું નથી તોપણ તે દેશને માટે એક રાજા છે. આસરે દસ વર્ષની વાત ઉપર ત્યાંના રાજા વિષે એક ખરી વાત બનેલી છે તે નીચે પ્રમાણે છે.

એવું કહેવાય છે કે થાણાના સિપાઇઓએ કોઇ કારણસર રાજા રાણીને મારી નાખવાને માટે એક ભયંકર ઠરાવ કીધો અને એવી કુયુક્તિ રચી કે રાત્રે રાજ્યમેહેલમાં પેસી રાજા રાણીને ઉંઘતાં પલંગ પર કાપી નાખવાં. આ દુષ્ટ કૃત્ય કરવામાં રાજ્યમેહેલને સાચવનાર જે અધિકારી તે પણ આ કામમાં સામેલ થયો.

ઉપલી ભયંકર યોજનાની ખબર રાજાના એક વિશ્વાસુ સિપાઇએ પત્રમાં લખી રાજાના પ્રધાન ઉપર મોકલી. અને આ બંધ કવર સાથે પ્રધાન ઉપર એક ચિટ્ટી લખી જણાવ્યું કે, સાથેનો પત્ર એક પળની પણ ઢીલ વગર રાજા સાહેબને આપશો, કેમકે ઘણીજ અગત્યની ખબર અંદર લખવામાં આવી છે. પ્રધાન સાહેબ પોતાને આ ચિટ્ટી મળતાં તરતજ રાજા પાસે ગયો અને સદરહુ પત્ર રાજા સાહેબને આપતાં સૂચના કરી કે, કંઇ અગત્યની ખબર આ પત્રમાં છે. રાજા સાહેબે પત્ર ફોડ્યો અને કવરમાંથી અર્ધો બહાર કાઢયો, એવામાં રાજા સાહેબનું મન દેશનાં બીજા ઘણાં કામોમાં ગુંથાયલું હતું તેથી તે મુખ્ય પ્રધાન તરફ ફરીને કોઇ એક અગત્યની બાબત યાદ આવવાથી વાતચિત કરવા લાગ્યો અને તે વિષય તરફ રાજાનું ચિત્ત ખેંચાતાં પેલો આવેલો તાકીદનો

પત્ર હાથમાંથી ગજવામાં મુક્યો, અને તે વાંચવો રહી ગયો. અને પેલા થાણુાના દુષ્ટ સિપાઇઓએ કરેલી યોજના બહુ સહેલથી પુરી પાડવામાં આવી. તેઓ રાજ્ય મેહેલમાં ઠરાવેલી રાત્રે પેસી ગયા અને રાજા રાણીને બહુ ક્રૂર રીતે મારી નાખ્યાં. વિશ્વાસુ સિપાઇએ માણુસ મોકલી તાકીદ આપી, એમ છતાં રાજા રાણીનો બચાવ કેમ નહિ થયો? માત્ર કારણુ એટલુંજ હતું કે, પત્ર વાંચવો રહી ગયો! ઘણુા કામની ચિંતામાં પત્ર વાંચવો ભૂલી ગયો!

વહાલાંઓ, ભયંકર મોતની શિક્ષા તમારા માથા ઉપર ઝઝુમી રહી છે. તમારા ઉપર એ વિષે ચેતવણીરૂપ તાકીદનો પત્ર આવ્યો છે. "તું પોતાનો જીવ લઇને નાસી જા...એ માટે કે તારો નાશ ન થાય." તમારા એક મહાન શત્રુએ તમારો નાશ કરવાને ખરેખર કુયુક્તિ રચી છે, માટે ઉઠો, પેલા પહાડ પર તમારો બચાવ છે ત્યાં નાસી જાઓ. આ ખડક તે પ્રભુ ઇસુ ખ્રીસ્ત છે, અને ચેતવણીરૂપ પત્ર તે પવિત્ર શાસ્ત્ર છે. આ તમારો પત્ર તમે વાંચ્યો છે? ઘણાં દુનિયાઇ કામોમાં ગુંથાતાં ઉપલો પત્ર વાંચવો રહી જશે તો રાજારાણીની માફક માઠું પરિણામ આવ્યા વગર રહેશે નહિ.

૬૬. આપણે તેની સુંદરતા જાણુતા નથી.

એક ફ્રેંચ ચિતારાની એક નાની માતુહીન દીકરીની આંખો નાનપણુથી ગઇ હતી, અને એ વિષે એવું ધારવામાં આવતું હતું કે તેની આંખ સારી થશે નહિ. બિચારી આ નાની છોડીની મા ઘણા વખતથી મરણુ પામી હતી, તેથી પિતા સિવાય તેનો કોઇ બેલી કે મિત્ર ન હતો. એવું કહેવાય છે કે ઘણા વખત પછી પારીસ શહેરના એક પ્રખ્યાત નેત્ર-વૈદ્યને ઉપલી બાબતની ખબર આપવામાં આવી, અને તેણે કહ્યું કે તે છોડીની આંખ સારી થશે. જ્યારે ડાક્ટર સાહે-

બની ઉપલી વાત પેલી છોડીએ સાંભળી ત્યારે તેના મનમાં એકજ મોટો વિચાર હતો કે, જ્યારે હું દેખતી થઇશ ત્યારે મારા વહાલા પિતાને હું જોઇ શકીશ. નેત્રવૈદે તેની આંખ ઉપર વાઢકાપ કરી તેને પાટો બાંધ્યો અને જ્યારે આંખ બરોબર સારી થઇ ત્યારે આંખ પરનો પાટો છોડી નાખ્યો. છોડી, આંખ ઉઘાડતાની વારમાં પોતાના વહાલા પિતા તરફ દોડી જઇ વળગી પડી અને વહાલ કરી કહેવા લાગી, મારા વહાલા પિતા, ઘણા વખતથી તમો હતા પણ હું તમને જોઇ શકતી કે ઓળખી શકતી નહોતી. તેનો પિતા તેના પર ઘણોજ પ્યાર રાખતો અને અંધાપાને લીધે તેની ઘણી સંભાળ કરતો, અને તેના અંધાપાને લીધે બહુ દુ:ખી થતો. આપણામાંના ઘણા એવા છે કે જેઓ જાણે છે કે અમારો આકાશવાશી બાપ છે અને તે બહુ ભલો છે, પણ હજુ સુધી તેને ઓળખતા નથી !

૬૭. સુવાર્તા પ્રગટ કરવાની એક નવીન રીત.

ઈંગ્લાંડની દક્ષિણમાં આવેલા એક શહેરમાં એક ખ્રીસ્તી સદ્ગૃહસ્થે, જેઓ ભાગ્યેજ કદી સુવાર્તાની વાત સાંભળવા સભામાં ગયા હોય એવા સંખ્યાબંધ માણસોને સુવાર્તા સંભળાવવાની તક લેવા એક મોટું જમણ તૈયાર કરાવ્યું અને તેઓ સર્વેને કંઇ પણ કિમ્મત લીધા વગર મફત આમંત્રણ આપ્યું. ઉપર પ્રમાણેના ઠરાવનો અમલ અમુક તારીખે કરવામાં આવે તે પહેલાં જમણના આમંત્રણની ટીકીટો છપાવી એક મિત્રની મારફતે ઉપલા સંખ્યાબંધ માણસોને વહેંચવામાં આવી. તેઓએ ઘણી અજાયબી સાથે જમણનો સ્વીકાર કીધો. આમંત્રણચિટ્ઠીમાં નીચે પ્રમાણે છપાવવામાં આવ્યું હતું. "સૈન્ટ જેમ્સ હૉલ–મફત જમણ–રાતના ૯ વાગ્યે. ટીકીટ વહેંચનાર દાખલ કરશે."

ઉપલા આમંત્રણ મુજબ સંખ્યાબંધ માણસો હાજર થયા. તેઓને પ્રથમ જમણ આપવામાં આવ્યું અને ત્યાર બાદ સુવાર્તા પ્રગટ કરવામાં આવી. તેઓએ ઘણાજ ભાવથી અને ધ્યાનથી પ્રભુ ઇસુની કૃપાની વાત મફત સાંભળી, અને પાછળથી તેનું પરિણામ ઘણું સારૂં આવ્યું. આ વાત ખરી અને સત્ય છે કે સુવાર્તા અને સુવાર્તિક વચ્ચે નિકટ સંબંધ છે. શ્રોતાજનો સુવાર્તા સાંભળતાં સુવાર્તિકને પગથી માથા સુધી નિહાળે છે. જો માણસ કેવળ નોકરી બજાવવાને અર્થે સુવાર્તા પ્રગટ કરે છે તો ઘણે ભાગે તેની મહેનત નિષ્ફળ નિવડે છે.

૬૮. "પ્રભુ આપણને સંભાળશે."

એક વખતે ઓસ્ટ્રીઆમાં સતાવણી ચાલતી હતી, એવામાં એક વૃદ્ધ ડોસી અને તેનો એક નાનો પૌત્ર રસ્તા ઉપર આવેલા એક નાના ઝુંપડામાં રહેતાં હતાં. એવું બન્યું કે એક વખત તેમના સાંભળવામાં આવ્યું કે આ રસ્તે થઇને સતાવણી કરનાર સિપાઇઓ આજે આવે છે. પેલો નાનો છોકરો આ વાત સાંભળી બીકમાં ને બીકમાં બોલ્યો કે, ઘરડી મા, તમે હમેશાં કહો છો કે પ્રભુ આપણને સંભાળશે પણ હવે આ આવનાર સિપાઇઓને તે કેવી રીતે સંભાળશે! તેની દાદીએ કહ્યું કે, કેવી રીતે સંભાળશે તે હું કહી શકતી નથી, પણ એટલું તો હું જાણું છું કે તે બચાવી શકે છે અને એવો ભરોસો હું તેના ઉપર રાખું છું. આ બનાવ બન્યો ત્યારે શિઆળાની ઋતુ હતી, અને તે રાત્રે બરફનું મોટું તોફાન થયું. તેઓએ સિપાઇઓને પાસે થઇને જતાં જોયા પણ તેઓએ કંઇ પણ હરકત કરી નહિ. સવાર થતાં તેઓને માલુમ પડયું કે બરફના તોફાનમાં તેમનું ઝુંપડું બરફથી ઢંકાઇ ગયું હતું અને તેનો દેખાવ એક બરફના ઢગલા સમાન

થઇ રહ્યો હતો, અને તેથી કરીને પાસે થઇ જનાર સિપાઇઓએ તેમને કંઇ હરકત કરી નહીં. આ જોઇ છોકરાની ઘરડી મા બોલી, જોયું! આપણો આકાશમાંનો પિતા આપણી સંભાળ કેવી રીતે કરે છે! અને જેઓ તેના ઉપર ભરોસો રાખે છે તેને તે બધા ભયથી અને શત્રુથી બચાવી શકે છે.

૬૯. મરણ પથારીથી આપેલી ગ્લાડસ્ટન સાહેબની એક અગત્યની શિખામણ.

ખ્રીસ્તી પ્રયત્નવર્ધક સભાના સ્થાપનાર ડૉ. એફ. ઇ. ક્લાર્ક સાહેબ કહે છે કે, રા. આ. ડબ્લ્યુ. ઇ. ગ્લાડસ્ટન સાહેબ જ્યારે મરણપથારી પર હતો ત્યારે લૉર્ડ રોઝબરીને છેલ્લી સલામ કરતાં તેણે ગંભીરતાથી કહ્યું કે, "રોઝબરી, તમારા આત્માની સંભાળ રાખો." ખરેખર એક રાજમંત્રિની મરણ વખતની પોતાના મિત્રને આપેલી ઉપલી શિખામણ સર્વોત્તમ હતી, "કેમકે જો માણસ આખું જગત મેળવશે ને પોતાના જીવની હાનિ પામશે તો તેને શો લાભ થશે?" જો તમો કરોડોપતિ હો, પાર્લામેન્ટ સભાના સભ્ય હો, રાજ્યના મુખ્ય પ્રધાન હો, પ્રોફેસર, કે પાદરી કે લૉર્ડ હો, તો પણ જો તમારો આત્મા નાશ પામે તો તેમાં તમને શો લાભ? અનંતજીવન તરફ જોશો તો સઘળું ગુમાવ્યું અને કંઇજ 'લાભ' પ્રાપ્ત થયો નથી એવી ખાતરી થશે.

૭૦. "હું જાણું છું કે તમો મારા પિતા છો."

એક પિતાએ પોતાના નાના પુત્રને પુછયું કે 'તું મારો વિશ્વાસ રાખવાને યત્ન કરે છે?' છોકરાએ જવાબ આપ્યો કે ના, કદી નહિ. હું એવો યત્ન કદી કરતો નથી, કેમકે બાપા, તમારો વિશ્વાસ કર્યા વિના હું રહી શકતો નથી. શા માટે છોકરો એવો વિશ્વાસ કરતો હતો? કેમકે તે તેના

પિતાને ઓળખે છે. એજ પ્રમાણે પ્રભુ ઇસુ ખ્રીસ્તમાં વિશ્વાસથી પોતાના વહાલા આકાશવાસી બાપને માણુસો ઓળખે છે, અને તેના ઉપર વિશ્વાસ રાખ્યા વિના રહી શકતા નથી.

૭૧. નાની નાની વાતોમાં મિ. સ્પર્જન સાહેબનો વિશ્વાસ.

સ્પર્જન સાહેબ એક વખતે ઉપદેશ કરવા બહાર ગામ ગયો હતો, અને જ્યારે ટ્રેનની મુસાફરી કરી લંડન પાછો વળતો હતો ત્યારે તેને એકાએક માલમ પડયું કે, મારી રેલ્વે ટીકીટ ખોવાઇ ગઇ છે; તેથી આમતેમ પોતાનાં ગજવાં તપાસવા લાગ્યો. તેની સાથે તેજ ડબામાં એક બીજો આબરૂદાર ગૃહસ્થ મુસાફરી કરતો હતો, તેણે સ્પર્જન સાહેબને પુછયું કે સાહેબ કંઇ ખોવાઇ ગયું તો નથી? સ્પર્જને ઉપકાર માનતાં તેને જવાબ આપ્યો કે મારી ટીકીટ ખોવાઇ ગઇ છે. અને વળી એવો સંજોગ બન્યો છે કે મારી પાસે ગજવાનું ઘડિયાળ નથી તેમજ કંઇ પૈસા પણ નથી. પણ તેની કંઇ ફિકર નથી, કેમકે હું મારા ધણીના કામે નિકળ્યો છું, અને તેથી મને પુરી ખાતરી છે કે બધું સારૂં થશે. ત્યાર બાદ સ્પર્જન સાહેબે ઘુંટણીએ પડી પ્રાર્થના કરી, કેમકે નાની મોટી બધી વાતમાં તે પ્રમાણે કરવાનો તેનો નિયમ હતો. આ બધું પાસે બેઠેલો સદ્‌ગૃહસ્થ ધ્યાનપૂર્વક જોતો હતો. તેણે કહ્યું કે, તમો કહો છો તેમ બધું સારૂં થશે એમાં કંઇ શક નથી. પછી જ્યારે ટીકીટ કલેક્ટર ડબામાં આવ્યો ત્યારે ટોપી ઉતારી સલામ કરી માત્ર એટલુંજ બોલ્યો કે, 'બધું ઠીક છે'! અને ત્યાર પછી ફરી સલામ કરી વિદાય થયો. તેના ગયા બાદ સ્પર્જન સાહેબે તે ગૃહસ્થને કહ્યું કે અજાયબ છે કે તે માણુસે મારી ટીકીટ વિષે કશું પુછયું નહિ.

પછી તે ગૃહસ્થ સ્પર્જન સાહેબનું નામ દઇ આ વખતે બોલ્યો, તમારા કહેવા મુજબ પ્રભુ નાની મોટી બધી વાતમાં તમારી સંભાળ લે છે. હું રેલ્વે લાઇનનો જનરલ મેનેજર છું અને ઇશ્વરી ગોઠવણ મુજબ મને તમારો સાથી મુસાફર કરી તેણે તમારી સંભાળ લીધી છે.

૭૨. લાચાર લાર્ક પક્ષી.

એક વખતે શિકારી બાજે લાર્ક પક્ષીનો કેડો પકડ્યો. બિચારા લાર્કે આમતેમ બચવાને માટે ઘણાં ફાંફાં માર્યાં પણ નકામા ગયાં. આખરે પેલો બાજ પોતાની ચાંચમાં તેને પકડી લે એટલામાં એક માણસ ત્યાં ઉભો હતો તેણે બિચારા લાચાર પક્ષીને બચાવવા ધારી પોતાના કોટનાં બટન ખોલી કોટ પહોળો કર્યો અને ઘણી મમતા બતાવી. ભયભીત થએલું પેલું લાર્ક પક્ષી તેના કોટમાં આવી ભરાઇ ગયું અને પોતાના દુશ્મનથી બચાવ પામવા તેની છાતી ઉપર જઇ સંતાયું! આ પ્રમાણે લાચારી અને બીકને લીધે તે પક્ષીએ ખરો આશ્રો લીધો.—વિશ્વાસ કરનારાઓને માટે લાર્ક પક્ષી નમુનારૂપ કહેવાય. બળવાન શેતાન સિંહના હુમલાથી લાચાર બની સનાતન સંભાળકની ગોદમાં ભરાઇ જઇ એમ કહે કે "તારી પાંખોની છાયા તળે મને સંતાડ." તો કેવું સારૂં!

૭૩. ત્રણ સુંદર પાત્ર.

આરબ લોકોમાં એવી વાત ચાલે છે કે, એક વખત નિમરોદ રાજાએ પોતાના રાજકુંવરોને બોલાવી તેમની આગળ ત્રણ સુંદર બંધ વાસણ મુકયાં. એક વાસણ સોનાનું, બીજું સુગંધી દ્રવ્યનું અને ત્રીજું માટીનું હતું. પછી તેણે જ્યેષ્ઠ પુત્રને કહ્યું તને જે સૌથી વધારે મૂલ્યવાન લાગે તે તું પસંદ કર. આ ઉપરથી તેણે સોનાનું વાસણ કે જે ઉપર 'રાજ્ય' એમ લખેલામાં આવ્યું હતું તે પસંદ કીધું. આ

વાસણ ઉઘાડી જોતાં તેમાં લોહી ભરેલું હતું. ત્યાર પછી બીજા પુત્રે સુગંધી દ્રવ્યનું વાસણ જે ઉપર એમ લખવામાં આવ્યું હતું કે 'વૈભવ' તે પસંદ કર્યું; અને તે વાસણ શોખીન અને વૈભવિ જીંદગી ગાળનાર માણસોની રાખથી ભરેલું હતું. ત્રીજા પુત્રે માટીનું વાસણ પસંદ કર્યું કે જે ઉઘાડતાં ખાલી માલમ પડયું, પણ તેના તળીઆ ઉપર ઇશ્વરનું નામ કોતરેલું હતું. પછી નિમરોદે રાજદરબાર ભરી પુછયું કે, આ ત્રણે વાસણોમાં સૌથી વધારે ભારે કયું હશે? જેઓ લોભિષ્ટ હતા તેઓ બોલી ઉઠયા કે સોનાનું. કવિઓ અને વિજય માણસો બોલ્યા કે સુગંધી દ્રવ્યનું; અને જેઓ સાધુશિલ પુરૂષો હતા તેઓ બોલ્યા કે ખાલી વાસણ; કેમકે પ્રભુનું નામ તે આખી પૃથ્વીના મહાન ગોળા કરતાં પણ ભારે છે. જુવાનો, તમો શું પસંદ કરશો? "તારી યુવાવસ્થાના દિવસોમાં તારા ઉત્પન્નકર્ત્તાનું સ્મરણ કર; માઠા દિવસો આવ્યા અગાઉ, વળી જે વર્ષો વિષે તું એવું કહેશે કે, તેઓમાં મને કંઇ સુખ નથી, તેઓ નજદીક આવી પહોંચ્યા પહેલાં તે કર."

૭૪. માફી આપવાનો એક જાણવા જોગ દાખલો.

કાઠીઆવાડમાં આવેલા પોરબંદર નામના શહેરમાં એક ખ્રીસ્તી પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ જોસફ છગનલાલની માફી આપવાનો એક જાણવાજોગ દાખલો રેવ. જોન. સી. બ્લેર સાહેબ 'ભલા જોસફ' નામના એક અંગ્રેજી ચોપાનિયામાં નીચે પ્રમાણે નોંધે છે. કાઠીઆવાડના જુનાગઢ સ્ટેટમાં એક વખતે લૂટ પાડવામાં આવી અને તેમાં ખૂન પણ થયું હતું. આ બાબતમાં પોરબંદર સ્ટેટનો એક પોલીસ અમલદાર વાલી મહમદ નામનો હતો તે ઉપલી લુંટમાં ભાગીદાર છે એ જાણી

તેની જુબાની લેવાને કોર્ટમાં બોલાવ્યો. આ વખતે જુનાગઢનો આસિસ્ટંટ સુપ્રિન્ટેન્ડેન્ટ સદરહુ કેસની તપાસમાં કોર્ટમાં હાજર હતો. કેદીને કંઇ પુછવામાં આવે તે પહેલાં તે એકદમ પોતાની સંતાડી આણેલી રીવૉલ્વર લઇ જુનાગઢના આ. પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ ઉપર ધસી આવ્યો, અને પિસ્તોલનો ત્રણવાર ઘોડો પાડી બાર કરી તેને ઠાર કરવાનો પ્રયત્ન કર્યો. પણ દૈવયોગે પિસ્તોલ ફુટે એટલામાં પોરબંદરના પો. સુ. જોસફે તેને પકડી લીધો ; પણ બાથમબાથમાં વાલી છુટી ગયો તેથી તેણે પોતાની તલવાર કાઢી ભલા જોસફ ઉપર ત્રણ ઘા કર્યા. પહેલો ઘા ગરદન ઉપર કરવામાં આવ્યો, બીજો ખભા ઉપર અને ત્રીજો શરીરના નીચલા ભાગ ઉપર હતો. ગરદન અને ખભા ઉપર મારેલા ઘા કંઇ ભયભરેલા ન હતા, કેમકે તલવારનો માર કોર્ટમાં આવેલો એક પત્થરનો પીલર ખાઇ ગયો હતો. જ્યારે જોસફનો ઘા આસરે એક ઈંચનો ઉંડો હતો ત્યારે પત્થર પરનો ઘા ચાર ઈંચ ઉંડો પડ્યો હતો. પણ સદરહુ મારથી જોસફ જમીન ઉપર પડી ગયા એ જોઇ વાલીએ જાણ્યું કે તે મરી ગયા છે ; તેથી તે પોતાના ઘર તરફ દોડ્યો પણ જોસફ જમીન પરથી ઉઠી તેની પાછળ દોડ્યા. વાલી ઘરમાં ભરાઇ આપઘાત કરવાની કોશિશ કરતો હતો એવામાં જોસફે તેને પકડ્યો તેના ઉપર કેસ ચાલ્યો અને તેને દસ વર્ષ અને નવ માસની શિક્ષા થઇ. કેદમાંથી છૂટયાબાદ પોતાની નોકરીમાં ફરીને દાખલ થવા તેણે અરજ કીધી, પણ તેને કહેવામાં આવ્યું કે જો જોસફ તને રાખવાને ખુશી હોય તો તે રાખે એ શિવાય બીજો કંઇ ઉપાય નથી. એ સાંભળી વાલી હીમ્મત પકડી જોસફ સાહેબને ઘેર ગયો અને પોતાની પાઘડી જોસફના પગ આગળ નાખી માફીને માટે આજીજી કરવા લાગ્યો. જોસફ એ જોઇ એકદમ પોતાની ખુરસી ઉપરથી ઉઠયા અને તેને કહ્યું કે તારી પાઘડી તારે માથે મુક

એમ કહી એકદમ પોતાની ગાડી મંગાવી, અને વાલીને પોતાની ગાડીમાં બેસાડી દિવાન સાહેબ પાસે ગયા અને કહ્યું, "વાલીએ મને કંઇ નુકસાન કર્યું નથી, હું તેને મારા છોકરા સમાન ગણું છું, તો મહેરબાની કરી તેને કંઇ જગ્યા આપશો. અને જો આપ તેને પોલીસમાં રાખશો તો તેને ખુશીથી હું મારી ઓર્ડર્લીમાં રાખીશ! દિવાન સાહેબ અને બીજા માણસો, જેઓએ આ શબ્દો સાંભળ્યા, તેઓ ઘણી અજાયબી પામ્યા અને ખ્રીસ્તી ધર્મનું વખાણ કરવા લાગ્યા; અને વાલીને ફરીથી નોકરીમાં રાખવામાં આવ્યો.

૭૫. નમ્રતામાં રહેલું પરાક્રમ.

એક બહુ ખરાબ માણસ એક વખતે જોન વેસ્લી નામના પ્રસિદ્ધ પાદરી સાહેબની મારફત ખ્રીસ્તી થયો, અને ત્યાર બાદ એક ધાર્મિક અને ફતેહમંદ પાદરી તે થયો. એવું કહેવાય છે કે એક વખતે જોન વેસ્લી સાહેબને બોધાસન ઉપરથી વિનયપૂર્વક વાંકા વળી આસનના પગથીઆ પર બેઠેલા એક નાના બાળકને ચુંબન કરતાં તેણે જોયો. ઉપદેશકની આવી નમ્રતાએ તેના હૃદય પર અસર કીધી અને સુવાર્તાને માટે તેના હૃદયનું દ્વાર ખોલવામાં આવ્યું.

૭૬. "મિ. ફ્રેંકે દેશી ખ્રીસ્તીઓને બચાવ્યા."

૧૮૫૭ના બળવા વખતે બળવાખોર લોક આગ્રા શહેર ઉપર ચઢી આવે છે એમ ધારી શહેરના દરવાજા બંધ કરવામાં આવ્યા. એવામાં પાંચસો દેશી ખ્રીસ્તીઓ શહેરમાં આશ્રો લેવા આવ્યા, અને શહેરમાં પેસવાની વિનંતિ કરવામાં આવી; પણ ત્યાંના ગવર્નર સાહેબને બીક લાગી કે બધાંને બસ થાય એટલો ખોરાક કદાપિ શહેરમાં હશે નહિ, તેથી તેમની માગણી નામંજુર કરવામાં આવી. પછી એક અંગ્રેજ પાદરી સાહેબ જે શહેરમાં રહેતો હતો તેણે કહ્યું કે, "હું

બહાર જઇશ અને તેઓની સાથે મરીશ. આવા જોખમના વખતમાં તેઓ પાળક વગરનાં ઘેટાંના જેવા કેમ રહે?" ગવર્નર સાહેબે એકદમ ઉપલા દેશીઓને દાખલ કરવાનો હુકમ કરતાં કહ્યું કે, "મી. ફ્રેંકે દેશી ખ્રીસ્તીઓને બચાવ્યા છે." ઉપલી વાતથી ઇસુ ખ્રીસ્તનો કરેલો મહાન છુટકારો યાદ આવે છે. તેણે પાપના નાશથી મનુષ્યજાતનો પોતાનો પ્રાણ આપી બચાવ કીધો છે.

૭૭. ચોરી અને જુઠ એ બેમાં કયું વધારે ખરાબ?

એક નાની છોડીએ પોતાની માને પુછ્યું કે આ બેમાં કયું વધારે ખરાબ છે? ચોરી કરવી તે કે જુઠું બોલવું તે? માએ સવાલનો જવાબ ઉડાવી દઇ કહ્યું કે દીકરા, તે બંને ખરાબ છે. તે નાની છોડીએ કહ્યું કે, વારૂ મા, હું ધારૂં છું કે ચોરી કરતાં જુઠ વધારે ખરાબ છે, કેમકે જો ચોરી કરી કંઇ લઇએ તો તે પાછું મુકી દઇ શકાય, અને જો ચોરેલું ખાધું હોય તો તેની કિમ્મત ભરી શકાય પણ જુઠ તે હમેશને માટે છે.

૭૮. તમારી ઉદારતાની સફળતા શામાં છે?

મિ. આન્દ્રુ ફુલર એક વખતે એક અમીર માણસ પાસે મિશનને લગતા કેઇ ઉઘરાણાને માટે આજીજી કરવાને ગયો. પ્રથમ તે અમીરને લાગ્યું કે કંઇ આપવું નથી. પણ પછીથી ઇચ્છા ઉપરાંત એક ગીની આપી. આ જોઇ ફુલર સાહેબે પુછ્યું સાહેબ, આ દાન આપના મનથી આપવામાં આવ્યું છે? જો તેમ ન હોય તો હું તે લેવા માગતો નથી. પેલો અમીર માણસ એ સાંભળી વિચારમાં પડ્યો અને સ્વપરીક્ષા કરી પૈસાની થેલીમાંથી બીજી દસ ગીની કાઢી ફુલર સાહેબને આપી બોલ્યો કે આ મારા મનથી આપુ છું. એ પ્રમાણે પ્રભુ આપણાં દાન જુએ છે ને એ પ્રમાણે આશીર્વાદ મોકલે છે. તમારાં દાનોની સફળતા જોવા માગતા હો તો તમારાં

દાન મનના પુરા આવેશથી હોવાં જોઇએ. બીકથી કે શરમથી આપેલા દાનની સફળતા નથી.

૭૯. આજ્ઞાંકિતપણાનું ફળ.

એક વખતે એક હાકેમે બે માણસોને અમૂક પગાર ઠરાવી એક કુવામાંથી પાણી ખેંચી પાસે મુકેલી એક ટોપલી ભરવાને હુકમ કીધો. બંને માણસ કામે લાગ્યા. ત્યાર બાદ એક બે ડોલ પાણી કાઢી તેમાંના એક માણસે વિચાર કીધો કે આ તો એક મૂર્ખાઇ છે. કુવામાંથી પાણી કાઢી જેવું ટોપલીમાં નાખવામાં આવે છે કે તરતજ બહાર નિકળી જાય છે; તો ટોપલી કેમ ભરાય! એવો વિચાર કરી ડોલ નાખી દઇ ચાલતો થયો. પણ બીજા માણસે કુવો ખાલી થાય ત્યાં લગી પાણી ખેંચ્યા કીધું. પછી કુવો ખાલી થતાં તેમાં વાંકો વળી જોવા લાગ્યો તો કંઇ ચકચકિત ચીજ તેની નજરે પડી. તેને બહાર કાઢી જોયું તો એક હિરા-જડિત વિંટી હતી. પછી તે માણસ કહેવા લાગ્યો કે હવે હું સમજ્યો. ટોપલીમાં પાણી ભરવાનો હુકમ એ માટે કરવામાં આવ્યો હતો કે કુવો ખાલી થતાં પહેલાં જો ઉપલી વિંટી ડોલમાં આવે તો ટોપલીમાંથી તે હાથ લાગે.

ઇસ્રાએલનો પૂર્વજ ઇબ્રાહીમ એજ પ્રમાણે પ્રભુના હુકમનો અર્થ સમજી આજ્ઞાંકિત થયો હતો. જે જોયું ન હતું તેનો વિશ્વાસ કરી આજ્ઞાંકિત થયો.

૮૦. લાકડાનો પગ.

નાલાયક ભુંડા માણસો ઘણી વખતે સારા કામમાં જોડાય છે, જેમ યહુદા ઇસ્કારિયતે થોડો વખત એક પ્રેરિત તરીકેનું કામ કીધું. લાકડાનો પગ શરીરને આધાર આપી ચલાવે છે, પણ ખરૂં જોઇએ તો તે શરીરનું અવયવ નથી. એ પ્રમાણે મંડળીઓમાં પણ આવી વિચિત્રતા કોઇ વખતે જોવામાં

આવે છે. કેટલાક એવા ધર્માધિકારીઓ, ડિકન્સ, વડીલો અને બોધકો દેખાય છે. લાકડાના પગથી શરીર આમતેમ ફરી શકે છે પણ તેથી ચાલવું ખોડું, દુઃખદાયક, ધીમું અને બેઢંગું છે. આવા લાકડાના અવયવનું છેવટ પરિણામ બળતણ છે. કૃત્રિમ કે મુએલા અંગે જીવતા શરીર સાથે જોડાઇ તેનું એક જીવતું અંગ ગણાવવું તે ખરેખર જોખમ ભરેલું છે. આવા દંભીઓ ખ્રીસ્તના અવયવ કદી થઇ શકતા નથી, અને પરિણામ લાકડાના પગના જેવું ભયંકર છે.

૮૧. જીવતો પુલ.

એક વખતે એક મોટા ઉંચા ઘરને આગ લાગી. આ ઘરની એક બાજુએ ત્રણ ફીટ પહોળી એક સાંકડી ગલી આવેલી હતી. આ ઘરના સંબંધે એક ધ્યાન ખેંચનાર વાર્તા નીચે પ્રમાણે કહેવામાં આવી છે. આ ઘરમાં એક માણુસ પોતાનાં ત્રણ મા વિનાનાં બાળકો સાથે રહેતો હતો. એક દિવસ એવો બનાવ બન્યો કે જ્યારે પોતે પેલાં નાનાં બાળકોને ઘરમાં મુકી ઘરથી દૂર આવેલી મીલમાં કામ કરવા ગયો ; ત્યારે તેના ઘરમાં આગ લાગી. બિચારાં લાચાર અને નિરાધાર છોકરાં ઘરની અંદર હતાં, પણ ઘરને આગ લાગી છે તેની તેમને બીલકુલ ખબર પડી નહિ. તેમજ વળી બળતા ઘરની આસપાસ જે માણુસો એકઠાં થઇ ગયાં હતાં તેમને પણ ખબર નહોતી કે બળતા ઘરમાં માળ પર છોકરાં છે. જ્યારે અગ્નિએ ઘરનો ઉપલો માળ ઝડપી લીધો ત્યારે ઘરની સૌથી ઉંચી કોટડી કે જેમાં પેલાં નિરાધાર બાળકો હતાં તેની અંદર ધુમાડો પેઠો. આ જોઇ તે બાળકો તે કોટડીની એક બારી આગળ દોડી ગયાં. આ વખતે નીચેનાં હજારો માણુસોએ તેમને જોયાં અને તેમની દયા ખાવા લાગ્યાં, પણ કોઇએ તેમને બચાવવાને કંઇ યત્ન કર્યો નહિ; કેમકે

•

બળતી સીડી ઉપર ચઢી તેમની પાસે જવું તેમાં જીવનું જોખમ હતું. જોત જોતામાં આખું ઘર અગ્નિએ ઘેરી લીધું. બિચારાં પેલાં નાનાં બાળકો સાહ્ય માટે બારીએથી નીચે ઉભેલાં માણુસો તરફ દયાજનક રીતે જોતાં હતાં; પણુ કોઇની હિમ્મત નહોતી કે ત્યાં જઇ તેમનો બચાવ કરે. જ્યારે નીચે ઉભેલાં બધાં માણુસોની નજર પેલાં બાળકો તરફ હતી, એવામાં ટોળામાંથી એક માણુસ બળતા ઘર તરફ દોડી આવ્યો અને અગ્નિની પરવા નહિ કરતાં બળતા ઘરમાં પેસી ગયો અને બળતી સીડી પકડી મેડા ઉપર ચઢયો, અને પેલી કોટડી જેમાં છોકરાં બૂમેબૂમ પાડતાં હતાં ત્યાં પેસી તે ઘરથી બારીના સળીઆ પકડી પેલી નાની ગલીના સામા ઘરની બારીમાં પોતાના પગ ભેરવી પુલરૂપ થઇ છોકરાંને કહ્યું કે એકદમ મારા ઉપર થઇને સામા ઘરમાં ચાલ્યાં જાઓ. બચાવને માટે બીજો કોઇ ઉપાય આ શિવાય નથી. છોકરાં તેના શરીર પર થઇ સામા ઘરમાં જઇ બચાવ પામ્યાં. પણુ પોતે અગ્નિથી બળી મુઓ! આ માણુસ તે કોણુ હતો? પેલાં છોકરાંનો વહાલો બાપ હતો, જે પોતાનાં વહાલાંને માટે એક જીવતો પુલ બન્યો. બીજાં નીચે ઉભેલાં હજારો માણુસોમાંથી કેમ કોઇએ તેમને બચાવ્યાં નહિ? કેમકે તેમનાં છોકરાં તે ન હતાં. પોતાનાં છોકરાંને માટે બાપ મરણુ પામ્યો, બીજો કોઇ નહિ, કેમકે છોકરાં ઉપર તેની પ્રીતિ હતી. સ્વાર્પણુનું મૂળ કારણુ પ્રીતિ હતી. એજ પ્રમાણે તેણે (ખ્રીસ્તે) મારા પર પ્રીતિ કીધી અને મારે માટે પોતાને આપ્યો. દેવના કોપરૂપી અગ્નિમાં કેટલાં બધાં માણુસ સપડાયલા છે? તેમને બચાવવાને આપણે સાહ્ય કરીએ, કેમકે તે આપણાં સગાં છે. બળતા ઘરની આજુ બાજુ ઉભેલા માણુસોની પેઠે આપણે કેવળ જોનારા નહિ પણુ સાહ્ય કરનારા થવું જોઇએ.

૮૨. સૂરજમુખી ફુલ.

સુરજમુખી ફુલની કુદરતી ગતિ એવી છે કે સૂર્યના ઉદયમાં તે ખીલે છે અને સૂર્યના અસ્ત થવામાં તે બંધ થાય છે એટલુંજ નહિ પણ સુરજમુખી ફુલ સૂર્યની ગતિ પ્રમાણે પોતાનું મુખ તે તરફ રાખી ફરે છે. આ કુદરતી દાખલો પ્રભુના સેવકોને માટે નમુનારૂપ છે. ખ્રીસ્તના સેવકોનું હૃદય એ પ્રમાણે ખ્રીસ્તની પાછળ ફરે છે, અને આત્મિક શક્તિ તેને સૂર્યની માફક પ્રકાશ તથા ગતિ આપે છે. ખ્રીસ્તી માણસની સઘળી કાર્યગતિ ખ્રીસ્તની આત્મિક અભ્યંતર શક્તિ ઉપર આધાર રાખે છે. •આપણે પોતાની મેળે પોતા કરતાં વધારે વધી શકતા નથી, પણ જ્યારે પ્રભુ આપણને પોતાની ગમ ખેંચે છે, ત્યારે આપણી આત્મિક જીવવૃત્તિ આપણી પોતાની શક્તિ ઉપરાંત ઉંચ સ્થિતિએ પહોંચે છે.

૮૩. ભાંગેલું હાડકું.

આપણા અંગોમાંના એકાદ અંગનું હાડકું ભાંગી જાય તો તે વિષે આપણને બે જાતની ખાસ જરૂર છે, એટલે હાડકું સંધાય અને દરદ દૂર થાય. બંને વાત બહુ જરૂરની અને એક બીજા સાથે નિકટ સંબંધ ધરાવે છે. એજ પ્રમાણે આ જાણીતા નજીવા દાખલાથી ખ્રીસ્તી માણસનું ન્યાયીકરણ અને પવિત્રીકરણ બહુ સારી રીતે સમજાય છે. હાડકુ સંધાય પણ દુ:ખ દૂર ન થાય તો તે કંઇ કામનું નથી, તેજ પ્રમાણે આપણું ન્યાયીકરણ થાય પણ જો પછી પવિત્રીકરણ ન થાય તો તે કશા કામનું નથી. પાપોની માફી થાય પણ પાપ જારી રહે તો તેથી અંતઃકરણની શાંતિ શાની? માટે જેમ હાડકું સંધાવવું જોઇએ અને દુ:ખ પણ મટવું જોઇએ તેમ ન્યાયીકરણ અને પવિત્રીકરણ પણ થવું જોઇએ.

૮૪. રાજ મુગટ પણ મનુષ્યને પુરી શાંતિ આપી શકતો નથી.

એક વખતે એક રાજકુંવર પોતાના પિતાના મરણ પછી નાની વયે ગાદીવારસ થઇ ગાદીએ બેઠો. રાજકુંવરના મનમાં આવ્યું કે હવે તો ઘણા સુખ શાન્તિના દિવસ આવ્યા. આ વાતની પુરી ખાતરી કરી તેણે પોતાના રાજ્યમેહેલના 'ટાવર' ઉપર એક બહુ મધુર અવાજનો મહાન ઘંટ મુકાવ્યો, અને તેને વગાડવાની એવી રચના કરી કે મેહેલની દરેક કોટડીમાંથી તે વગાડી શકાય. પછી તેણે પોતાના મિત્ર-મંડળને ખબર આપી કે જ્યારે રાજકુંવર સુખ શાન્તિમાં હશે ત્યારે આ મધુર અવાજનો ઘંટ વગાડવામાં આવશે. મને લાગે છે કે આ ઘંટનો ધ્વની તમે સાંભળી સાંભળીને થાકશો. પણ આ વાત એ પ્રમાણે કહેવાય છે કે તે રાજકુંવર ઘણાં વર્ષ જીવી વૃદ્ધાવસ્થાએ મરણ પામ્યો તો પણ તેની આખી જીંદગીમાં એકે દિવસ એવો ન મળ્યો કે જેમાં ઉપલો ઘંટ વગાડવાનો તે રાજકુંવરને પ્રસંગ મળ્યો હોય! પણ જ્યારે તે રાજ્યકુંવર મરણ પામ્યો ત્યારેજ કેવળ ઉપલા મહાન ઘંટનો ગમગિની ભરેલો અવાજ તેના મિત્રમંડળને કાને પડ્યો! ખ્રીસ્ત ઇસુની આપેલી શાન્તિ તેજ ખરી શાન્તિ છે અને એવી શાંતિ જગત આપી શકતું નથી.

૮૫. ખ્રીસ્ત ઇસુમાં 'અશોધ્ય સંપત.'

ખ્રીસ્તી માણસના અને મંડળીના સઘળા આત્મિક આશીર્વાદો ઇસુ ખ્રીસ્તથી કે ઇસુ ખ્રીસ્તમાં સમાએલા છે.—તેનામાં આપણી પસંદગી (એફે. ૧–૩.); આપણું દત્તકપુત્ર-પણું (એફે. ૧–૫.); આપણો ઉદ્ધાર, આપણાં પાપની માફી, દેવ બાપની આપણા પ્રત્યે પ્રીતિ, આપણી પ્રાર્થનાનું સંભળાવવું, આપણું ન્યયીપણું, આપણું પવિત્રીકરણ, દેવ

બાપ સાથે આપણો મેળાપ, આપણી આત્મિક સર્વ સંપત્તિ, આપણી પાસે જે કંઇ છે અને જે કંઇ વિષે આપણી આશા છે તે સર્વ ત્રાતા ખ્રીસ્તથીજ છે. પાપી આત્મા ખ્રીસ્ત ઇસુમાં કેટલા મોટા આશીર્વાદો પામે છે!

૮૬. ડૉ. વિલ્યમ માર્શ સાહેબની જાણવાજોગ વર્તણુક.

ઈંગ્લાંડમાં ડૉ. વિલ્યમ માર્શ નામનો એક ભક્ત હતો. એક વખતે એક અફ્ઘાનની તેઓ સાહેબ સાથે વિલાયતમાં મુલાકાત થઇ. આ મુલાકાત માત્ર એક કલાકભરની હતી, પણ આ ટુંક વખતની મુલાકાતથી ડૉ. સાહેબની વર્તણુકનો એવો પરાક્રમી પ્રકાશ આ અફ્ઘાન ઉપર પડ્યો, કે જ્યારે ડૉ. વિલ્યમ માર્શ સાહેબના મરણ સમાચાર આ અફ્ઘાનને કાને પડ્યા ત્યારે તે બોલી ઉઠયો, "હવે ડૉ. વિલ્યમનો ધર્મ તે મારો ધર્મ, તેનો દેવ તે મારો દેવ, એ માટે કે જ્યાં તે છે ત્યાં હું જાઉં અને તેઓ સાહેબને ફરીને જોઇ શકું." ખ્રીસ્તના સઘળા સેવકો ઉપર પ્રમાણે ખ્રીસ્ત ઇસુની પ્રતિમા થઇ અન્યને પોતાના પરાક્રમી પ્રકાશથી ખેંચે તો કેવું સારૂં!

૮૭. અથાગ ઊંડા કુવો.

જૈન ધર્મમાં કાળની ગણત્રી સંબંધે એક પલ્યોપમની યોજના કરતાં એકસો ધનયોજન પહોળા અને ઉંડા કુવાની વાત આવે છે. એવા અથાગ ઉંડા કુવા તરફ તમારી નજર ખેંચશો તો એક દુઃખની વાત તમારી નજરે પડશે. આપણા મિત્રો અને ઓળખીતાઓમાંના ઘણાએક ઉપલા અથાગ ઉંડા કુવામાં પડી ગયા છે! અરે! ઘણા વિદ્વાનો અને પોતાની નજરમાં ડાહ્યાઓનો સમાવેશ તેમાં થયો છે! અંદરથી નિકળવાને તેઓ અત્યંત મહેનત કરી રહ્યા છે! આ કુવો તે પાપનો કુવો છે. બહાર નિકળવાને તેમનું એકજ સાન

જોવામાં આવે છે—કે **અમારી મહેનત**=સંધ્યા, પૂજા, પાઠ, તિર્થ, યાત્રા, દાન, દક્ષણા, ખેરાત, રોજા, હજ વિગેરે. પણ કુવાની અંદર ઉપરથી એક મજબૂત દોર મુકવામાં આવ્યો છે તેને તેઓ જોતા નથી અને પકડતા પણ નથી. આ સર્વે ડુબનારને બૂમ પાડીને કહો, દોર પકડો, દોર પકડો; તે દોર તમારૂં જીવન છે! તમારી મહેનત મુકી દો અને લાચાર અને નમ્ર થઇ ઉપરથી બચાવને માટે જે કૃપા કરવામાં આવી છે તે પકડી લો. આ દોર તે પ્રભુ ઇસુ ખ્રીસ્ત છે, તે આકાશ-માંથી ડુબતાઓને બચાવવાને પૃથ્વી પર નીચે આવ્યો છે, તે જીવનને‍ા દોર છે; પકડો, હાલ પકડો, અને નાશના કુવાની બહાર તમને ખેંચી લેવામાં આવશે. "આ વાત વિશ્વાસુ તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે કે ખ્રીસ્ત ઇસુ પાપી-ઓને તારવાને જગતમાં આવ્યો."

૮૮. માર્ટિન લુથર અને શેતાન.

માર્ટિન લુથર કહે છે કે એક વખતે શેતાને મને કહ્યું કે, "માર્ટિન લુથર," તું એક મહાન પાપી છું અને તું નરકદંડ પામશે; મેં કહ્યું કે થોભો! થોભો! હું મહાન પાપી છું તે ખરી વાત, તોપણ તમોને તે વાત કહેવાને‍ા કંઇ હક નથી. હું કબુલ કરૂં છુ કે હું મહાન પાપી છું. શેતાન બોલી ઉઠયો, તો બસ, પછી શું? તું દંડપાત્ર છેજ. લુથર કહે છે કે ખરી વાત, પણ લખ્યું છે કે 'ખ્રીસ્ત ઇસુ પાપીઓને તારવાને જગતમાં આવ્યો' તેથી કરીને હું તારણ પામીશ. માટે હવે તું તારે માર્ગે ચાલ્યો જા. એમ લુથરે શેતાનને તેની પોતાનીજ તરવારથી કાપી નાખ્યો. એમ પ્રભુ વચનોને લઇ શેતાનની સામે ઉભા રહીએ તો તે નાસીપાસ થઇ નીચું માથું ઘાલી શરમીંદો થઇ ચાલતો થાય છે.

૮૯. એક બ્રાહ્મણનો પત્ર.

એક બ્રાહ્મણે એક વખતે એક પાદરી સાહેબને પત્રદ્વારે જણાવ્યું કે, "તમો તમારા ધર્મપુસ્તકમાં દર્શાવ્યા પ્રમાણે ચાલતા નથી. જો તમારા માણસો માત્ર તમારૂં ધર્મપુસ્તક જેવું સારૂં છે તેટલાજ સારા થાય તો આખો હિન્દુસ્તાન દેશ પાંચ વર્ષમાં ખ્રીસ્તી થાય." ઉપલી વિધર્મીની સાક્ષી ખ્રીસ્તીઓને તેમજ ઉપદેશકોને કેવી અગત્યની સુચના આપે છે! જો આપણે બેબલમાં દર્શાવેલા ખ્રીસ્ત ઇસુના શિષ્ય થઇએ તો કેટલા બધા માણસો ત્રાતાની ગમ ખેંચાય! પણ ઘણી વખતે ઉપદેશકો તેમજ ખ્રીસ્તીઓ બીજાઓને માટે ઠોકરરૂપ બને છે. ખરેખર આપણે 'આપણા તારનાર દેવના ઉપદેશને શોભાવે' એવી રીતે 'હાલના જમાનામાં વર્તવું,' અને બોધવું.

૯૦. 'સંપુર્ણ અંગીકાર કરવા યોગ્ય.'

ઉપલા શબ્દો કોઇ એક જમણને બહુ બંધબેસતા છે. જમણ તૈયાર છે, દરેક વાની યોગ્ય સ્થળે ગોઠવવામાં આવી છે, અને એમ સઘળું તૈયાર છે. તમારે પોતાની સાથે કંઇજ લઇ જવાનું કારણ નથી. એક વખતે એક સાહેબને એક વિધવા સ્ત્રીએ ચા પર આવવાનું આમંત્રણ આપ્યું; (સાહેબ કહે છે કે જે પ્રમાણે મેં કર્યું તેવું હવે ફરી કદી નહિ કરીશ). ત્યારે તે પોતાના ગજવામાં બે કેક ઘાલતો ગયો. જ્યારે ટેબલ ઉપર ચા પીવા બેઠા ત્યારે સાહેબે પેલાં કેક ગજવામાંથી કાઢી ટેબલ ઉપર મુક્યાં. પેલી સ્ત્રીએ એકદમ તે ઉપાડી રસ્તામાં ફેંકી દીધાં અને કહ્યું કે, 'મેં તમને ચા પીવાને બોલાવ્યા છે, મારે માટે તમો ચા પુરો પાડો તેને માટે મેં તમને બોલાવ્યા નથી.' એજ પ્રમાણે ખ્રીસ્ત ઇસુ, સુવાર્તા વિષે પણ છે. તે સઘળું તૈયાર કરી આપણને બોલાવે છે અને તે કેવળ

આપણુ પોતા શિવાય આપણી સાથે કંઇ લઇ જવાનું માગતો નથી. અને જો આપણી સાથે કંઇ લઇ જઇએ તો તે નકારૂ છે. આપણે જેવા છીએ તેવાજ તેની પાસે જવું. તારણની વાતમાં તેણે બધું તૈયાર કર્યું છે, કંઇ અધુરૂં નથી કે તે આપણી સહાય માગે. જેમ બાળક જન્મે તે પહેલાં તેણે દુધ તૈયાર રાખ્યું છે તેમ કોઇ પણ પાપીને તે આમંત્રણ આપે તે પહેલાં તેને માટે તેણે બધું તૈયાર રાખ્યું છે. કેવળ આમંત્રણ સ્વીકારવું એજ પાપી માણસનું કામ છે.

૯૧. 'દેવની વાત બંધ થતી નથી.'

એક વખતે એક શહેરના સ્થાનિક અધિકારીની દીકરીનું એક કેનેરી પક્ષી પાંજરામાંથી ઉડી ગયું, એ જોઇ તેનાં માબાપે શહેરના કોટના દરવાજા બંધ કરવાને સખત તાકીદ આપી, કે તે શહેર બહાર નાસી જઇ શકે નહિ. પણ પેલું પક્ષી બંધ કોટ પર રહીને ઝડપથી જંગલમાં ઉડી ગયું. એજ પ્રમાણે સત્ય એકવાર જાણવામાં આવ્યું તો કોઇ માણસમાં એવી શક્તિ નથી કે તેને અટકાવી શકે. હવામાં ઉડનાર પક્ષીની માફક સત્ય ઘણી વખતે ત્વરાથી ફેલાય છે અને જેમ સૂર્યનાં કિરણ રાજ્યમેહેલમાં તેમ ઝુંપડામાં પણ પડે છે, તેમ સત્ય બધે પ્રસરી જાય છે. પત્થરનો કોટ કે લોઢાના દરવાજા તેને બંધ રાખી શકતા નથી. તે સ્વતંત્ર છે અને સ્વતંત્ર રહે છે. આજ સુધી દેવની વાત બંધ કરવાને રાજા તથા પ્રજા તરફથી ઘણું ઘણું થએલું છે, પણ તે બંધ થઇ નથી અને થવાની નથી. સત્યમાં કેટલી અદ્દભૂત શક્તિ સમાયલી છે!

૯૨. રેવ. જેમ્સ વૉલ.

રૂમના એક રેવ. જેમ્સ વૉલ સાહેબે, પવિત્ર શાસ્ત્રના વાંચનથી માણુસ કેવી રીતે પ્રભુ તરફ ફરે છે એનો એક દાખલો નીચે મુજબ આપ્યો છે—એક વખતે એક માણુસને

નવો કરાર બક્ષીસ તરીકે આપવામાં આવ્યો, તે લઇ તે માણુસે વિચાર્યું કે ઠીક છે, આ ચોપડીનાં પાનાં મારી સીગારેટસ (બીડી) ના કદને મળતાં છે; અને ત્યાર પછી પોતાના કહેવા પ્રમાણે પવિત્ર શાસ્ત્રનાં પાનાંને ફાડી ફાડીને બીડી બનાવવાના ઉપયોગમાં લેવા લાગ્યો. એ પ્રમાણે પહેલેથી પાનાં ફાડતો ફાડતો તે યોહાનની સુવાર્તાના દસમા અધ્યાય સુધી પહોંચ્યો, ત્યારે એકાએક તે તરફ જોતાં તેના મને તેને માર્યો અને તેમાંથી થોડું વાંચવાનો તેના મને તેને આગ્રહ કીધો, અને તેણે તે અધ્યાય વાંચ્યો, અને ત્યાર બાદ તેણે બાકીનું આખું પુસ્તક પુરૂં વાંચ્યું. દસમા અધ્યાયના પહેલાજ શબ્દે તેને ઘર તરફ વાળ્યો અને તે માણુસ ખ્રીસ્તી થયો. પવિત્ર શાસ્ત્રમાં દરેક વચનો જીવતાં વચનો છે, એ માટે પાપમાં મરેલા માણુસને પણ તે જીવન પમાડી શકે છે.

૯૩. માફી ઉપરાંત ભુંડી અસરથી છુટકાની જરૂર.

જો કે માણુસના ગુન્હાની માફી થાય તોપણુ પાપમાં પડવું તે ખરેખર બહુ ભયંકર છે. એક છોકરો તેના પિતાનો અનાજ્ઞાંકિત થયો, તે પરથી તેના પિતાએ એવું કર્યું કે દરેક ગુન્હાને માટે ઘરના થાંભલા ઉપર એક એક ખીલો મારવા માંડ્યો. પછી એવું થયું કે થોડા દિવસ પછી તે છોકરો સુધરવા લાગ્યો, ત્યારે તેના પિતાએ દરેક સુધારાની વાતને માટે એક એક ખીલો કાઢી નાખવાને છોકરાને રજા આપી. તે છોકરો પોતાના અનાજ્ઞાંકિત સ્વભાવની સામે એવો થયો કે, આખરે તેણે બધા ખીલા કાઢી નાખ્યા. તેનો પિતા તેના વિષે ઘણો રાજી થયો અને તેનું વખાણુ કરવા લાગ્યો; ત્યારે છોકરો બોલી ઉઠયો અરે! પિતા, ખીલા બધા ચાલ્યા ગયા છે પણુ તેનાં બાકાં બ્લેક રહ્યાં છે! એજ પ્રમાણે પાપોની

મારી પછી પાપની ભુંડી અસરથી બચવા સારૂ દેવની કૃપાનું ચમત્કારિક કાર્ય થવાની આપણામાં જરૂર છે.

૯૪. શિક્ષકો અને બોધકો માટે એક નોંધ.

એક વખતે એક ચાકરને તેના શેઠે હુકમ આપ્યો કે આ માછલી મારા ફલાણા મિત્રને બને તેમ તાકીદે આપી આવ. ચાકર ઘણી ઉતાવળમાં કંડિયો લઇ દોડી ગયો. અને ઘણી વાર પછી મુસાફરીને અંતે પેલા મિત્રનું ઘર પાસે આવ્યું ત્યારે તેને માલમ પડયું કે કંડિયો ખાલી છે અને કંડિયામાં માછલી મુકવાનું હું ભુલી ગયો છું. તેનો કંડિયો માત્ર ખાલી હતો! શિક્ષકો અને બોધકો તે છોકરાની માફક આપણને ન થાય માટે હમેશાં સાવધાન રહેવું. પ્રભુ ઇસુનું વચન યાદ રાખીએ કે 'હું તમને અંધારામાં જે કહું છું તે તમે અજવાળામાં કહો, ને તમે કાને જે સાંભળો છો તે ધાબાઓ પરથી પ્રગટ કરો.'

૯૫. 'કેમ નવરા ઉભા રહ્યા છો ?'

પ્રભુના લોકો આકાશી વિસામો પામે ત્યાં સુધી કામમાં ગુંથાયલા છે તેમને ઘણું ઘણું કામ આ જગતમાં કરવાનું છે, કે જે કામ આકાશી વિસામો પામ્યા પહેલાં ખલાસ થાય તેમ નથી. એક વૃદ્ધ પાદરી સાહેબે એક વખતે ઉપલા વાક્ય ઉપર અસરકારક ભાષણ આપ્યું; તે સાંભળી બીજે દિવસે એક જુવાન સ્ત્રી પાદરી સાહેબ પાસે ગઇ ને કહેવા લાગી કે 'ડૉક્ટર સાહેબ, મને કંઇ કામ આપો.' ડૉક્ટર સાહેબે તેને સાબ્બાથ શાળામાં કામ સોંપ્યું. પ્રભુની મંડળીમાં ને વિધર્મી લોકમાં પ્રભુનું ઘણું કામ કરવાનું છે. જો કોઇ પણ માણસ પસંદ કરે તો તે વખાણ પાત્ર ઠરે છે. માંદાની સેવા કરવી, ટ્રાક્ટ વહેંચવાં અને વેચવાં, ધર્મને લગતાં પુસ્તકો તૈયાર કરવાં અને ફેલાવવાં, સાબ્બાથ શાળામાં શિક્ષક થવું,

ઉપદેશકને મદદ કરવી, પ્રભુના કામને અર્થે ખાસ પ્રાર્થના કરવી, નાણાંની સહાય યા જાતમહેનત કરવી ઇત્યાદિ ઘણું કામ છે, અને દરેક પ્રભુના સેવકને માથે ઉપલી ફરજ ઉતરેલી છે. જો અત્યાર સુધી તમો નવરા બેઠા હો તો કોઇ પણ કામ ઉપલી બાઇની માફક પસંદ કરો. આપણો ત્રાતા આપણને એમ કહે છે કે, 'કેમ નવરા ઉભા રહ્યા છો?' તો આપણે આળસુ ચાકરના જેવા દંડપાત્ર ઠરીએ તે કોણને પસંદ પડશે! ખ્રીસ્ત શિવાયની તમારી સઘળી હુશિયારી અને મંડળીની મહેનત શિવાય તમારી બીજી સઘળી મહેનત તે ખ્રીસ્તની નજરમાં નવરા ઉભા રહેવા જેવું છે!

૯૬. મરણદંડ અને હૃદયનું દર્દ.

અમેરિકાના ન્યુ યૉર્ક શહેરમાં એક વખતે એક માણસને મરણદંડની શિક્ષા કરવામાં આવી. પણ પછીથી તે હૃદયના દર્દથી મરણ પથારીએ પડ્યો. હવે તે માણસને શું માત્ર ડૉક્ટર સાહેબનીજ જરૂર હતી? ના, કેમકે જો તેને ડૉક્ટર સાજો કરે તો પછી ફાંસીની શિક્ષા થવાની હતી. તો શું કેવળ મરણ દંડની માફીની જરૂ હતી? ના, એમ પણ નહિ, કેમકે માફી થાય અને દર્દ દૂર ન થાય તો હૃદયના દર્દથી તે મરણ પામે. તેથી કરીને તે માણસને બંને વાતની એટલે ગુન્હાની માફીની તથા ડૉક્ટરની, બંનેની જરૂર હતી. એજ પ્રમાણે માણસજાતને માટે હાલ છે. પાપ તે મનુષ્યજાતનો સામાન્ય રોગ છે અને પરિણામ મરણ છે. અને પાપ તે દેવ વિરૂદ્ધ મોટો ગુન્હો છે, ને તેનો દંડ નાશ છે. તો પાપી માણસને બંને વાતની જરૂર છે. સાજાપણાની એટલુંજ નહિ પણ માફીની. માટે આપણે આપણા પાપની માફી પામી દેવની સહાય માગીએ કે તે આપણા હૃદયના પાપરૂપી રોગને મટાડે. ઇસુ ખ્રીસ્ત આપણી માફી અને આપણા

રોગને માટે મહાન વૈદ છે. કોઇ કહે કે હું પાપોની માફી પામ્યો છું પણ મારૂં હૃદય દેવથી દૂર છે, તો તે નાશના જોખમમાં છે.

૯૭. એક છોકરાની શોધ.

સ્કૉટલાંડ દેશના એક ખાણુ ખોદનાર માણુસનો એક નાનો છોકરો પહાડી જંગલમાં ખોવાઇ ગયો. આ ખબર બીજી સાત ખાણુના માણુસોને આપવામાં આવી, અને એકદમ એક હજાર માણુસો ખોવાયલા છોકરાની શોધમાં નિકળ્યા. છોકરો મળ્યો અને તેનાં માબાપના મોટા આનંદ વચ્ચે છોકરાને સોંપવામાં આવ્યો. કોઇએક માણુસે છોકરાની શોધમાં તેના વહાલા મિત્રને જે ખરચ થયો તે ગણી કાઢયો તો એક હજાર કરતાં વધારે રૂપીઆ ખરચ થયો. મિત્રો, આપણો આકાશવાશી પિતા એ કરતાં કોઇ પણ ખોવાયલા (પાપી) માણુસને માટે વધારે કાળજીથી અને ખંતથી શોધ કરે છે કે 'જયાં સુધી તે જડે' આપણે પણ આ શોધમાં સામેલ થવું અને એવું કરતાં દુ:ખનો કે પૈસાનો વિચાર નહિ કરવો કેમકે આપણો બદલો મોટો છે.

૯૮. પાપોની માફી માટે પ્રાર્થના.

એક વખતે એક વૃદ્ધ માણુસ પ્રાર્થના કરી પોતાની ફરજ અદા કરતો હતો. એવામાં તેના એક મિત્રે પુછયું તમો શા માટે પ્રાર્થના કરો છો? પ્રાર્થના કરનારે જવાબ આપ્યો, "મારાં પાપની માફી માગુ છું." મિત્રે કહ્યું કે તમે એવું ધારો છો કે પ્રાર્થના કરવાથી પાપોની માફી થાય? વૃદ્ધ પુરૂષે જવાબ આપ્યો હા, ખરેખર; કેમકે શું આપણુને પ્રાર્થના કરવાનું તેણે કહ્યું નથી? મિત્રે કહ્યું કે ખરેખર તેણે પ્રાર્થના કરવાનું કહ્યું છે પણ પાપની માફી માગવાનું કહ્યું નથી. આપણે પાપની માફી બીજી રીતે પામીએ છીએ.

પ્રાર્થના કરનારે કહ્યું કે, બીજી કઇ રીતે ? મિત્રે જવાબ આપ્યો કે, "તેણે પાપોની માફી આપી છે તે આપણે સ્વીકારવી. તમને તમારા ઘરમાંથી કોઇએક ચાનું પ્યાલું આપે તો શું તમે તે વિષે પુછ્યા કરશો ? કે લઇને પીશો ? પ્રાર્થના કરનારે કહ્યું કે હા, હું એકદમ કંઇ પણ પુછ્યા વગર લઇશ. મિત્રે કહ્યું કે એજ પ્રમાણે તારણની બાબતમાં ઇસુ ખ્રીસ્તના કરેલા કાર્યનો તમો સ્વીકાર કરો, કે જે કાર્ય તમારે વાસ્તે ક્યારનુંએ કરવામાં આવ્યું છે, અને એમ તમો તમારા પાપની માફી પામો છો. અર્થાત્ પ્રભુ ઇસુ ખ્રીસ્ત પર વિશ્વાસ કર એટલે તારૂં તારણ થશે. બહાર ઉભા રહીને અંદર આવવાને નહિ પુછો.—દરવાજો ઉઘાડો છે.—અંદર જાઓ અને પછી તમારી સઘળી જરૂરીઆત તેને જણાવો.

૯૯. દક્ષિણ અમેરિકાનું એક જાણવાજોગ પક્ષી.

દક્ષિણ અમેરિકામાં બગલાની જાતનું એક પક્ષી થાય છે જે યકામિક્સ નામથી ઓળખાય છે. આ પક્ષીઓ વિષે ઘણી જાણવાજોગ વાત એવી છે કે, તે ઘેટાંનાં ટોળાંના ગોવાળ કે પાળકનું કામ બહુ સારી રીતે કરે છે. મોટી સવારમાં ઘેટાંને ચારવાને જંગલમાં લઇ જાય છે અને આખો દિવસ તેમને સંભાળી સાંજે કોઇની પણ મદદ લીધા વગર ટોળાને સહિસલામતીએ ઘેર લાવે છે! જો કોઇ પણ વિખુટા પડેલા ઘેટા ઉપર હુમલો કરે તો પોતાની ચાંચ તથા પાંખથી તેની સામે ભારે લડાઇ કરે છે. એવું કહે છે કે કુતરાઓ કરતાં આ પક્ષીઓ વધારે બળવાન છે. પક્ષી જેવાં નાનાં પ્રાણી પોતાના ધણીને આધીન રહી આવી ઉત્તમ સેવા બજાવે છે, પણ મનુષ્ય જે બુદ્ધિસંપન્ન આત્માવાળું પ્રાણી તે પોતાના ઉત્પન્નકર્ત્તાને મુકીને તેની સેવા કરતું નથી તે ખરેખર અફ્સોસની વાત છે! ભક્તો તો કહે છે કે "યહોવાહ મારો

પાળક છે...ને હું સદાકાળ સુધી યહોવાહના ઘરમાં રહીશ"
એવું જાણી તેની સેવા કરે છે.

૧૦૦. લંડનનો સૌથી ભુંડો માણસ.

એક વખતે લંડન શહેરના પૂર્વ ભાગમાં રવિવારની સાંજે એક ખ્રીસ્તી ઉપદેશક ખુલ્લી જગ્યામાં ઉભો રહી ઉપદેશ કરતો હતો. નિયમસર ગીત ગાઇ પ્રાર્થના કરી પોતાનું ભાષણ શરૂ કર્યું. ઘણા માણસો સાંભળવાને એકઠા મળ્યા, ભાષણને અંતે ઉપદેશક બોલ્યો કે 'પ્રભુ ઇસુ ખ્રીસ્ત હાલ લંડનના સૌથી ભુંડામાં ભુંડા માણસને પણ તારવા શક્તિવાન છે.' એટલામાં શ્રોતાજનમાંથી એક બેડોળ દેખાવનો માણસ ટોળામાંથી બહાર આવી કહેવા લાગ્યો કે સાહેબ, એક સવાલ પુછવાની રજા છે? ઉપદેશકે કહ્યું ખુશીથી પુછો. તેણે કહ્યું કે તમો કહો છો તે શું ખરી વાત છે કે ઇસુ લંડનના સૌથી ભુંડા માણસને પણ તેની ભુંડાઇથી બચાવી શકે છે? જવાબ મળ્યો કે એમાં કશો શક નથી. પછી પેલા માણસે પોતાનો બધો ઇતિહાસ ઉપદેશકને કહી સંભળાવ્યો કે, હું કેવો કનિષ્ટ અને કેવા ખરાબ કુટુંબમાં જન્મ્યો છું. તે માણસે ઉપદેશકની વાત માની, ખ્રીસ્તને પોતાનો તારનાર કબુલ કર્યો અને ત્યાર પછી તે બધી રીતે નવો માણસ થઇ ગયો. અને એ વાતથી તેને પુરી ખાતરી થઇ કે ઇસુ ગમે તેવો ભુંડો માણસ હોય તોપણ તેને બચાવવાને ખુશી છે, એટલુંજ નહિ પણ શક્તિવાન છે.

૧૦૧. તારણદાયક વચનો.

'પાપનો મુસારો મરણ છે પણ દેવનું કૃપાદાન, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને આસરે સર્વકાળનું જીવન છે.'

'આ વાત વિશ્વાસુ તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે કે ખ્રીસ્ત ઇસુ પાપીઓને તારવાને આ જગતમાં આવ્યો.'

'તારણનો દિવસ હમણાંજ છે.'

"દેવે જગત ઉપર એટલી પ્રીતિ કીધી કે તેણે પોતાનો એકાકિજનિત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઇ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંત જીવન પામે."

'લાકડા પર તેણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, એ માટે કે આપણે પાપો વિષે મુએલા થઇને ન્યાયીપણા વિષે જીવીએ; તેના ઘાઓથી તમે સાજા થયા.'

'ઇસુનું લોહી આપણને સઘળાં પાપથી શુદ્ધ કરે છે.'

'એકલા જ્ઞાની દેવને, ઇસુ ખ્રીસ્તને આસરે, સર્વકાળ સુધી મહિમા થાઓ.' આમેન.

પરિશિષ્ટ.—

પસંદ કીધેલાં,

સુવાર્તાનાં ગીત.

(૧) ગઝલ.

મુજ પાપ આપ વિદારવા, ઇસુ ગયો મરી ;
મહા દંડ સહ્યો અંગમાં, તેણે દયા કરી. મુજ. ટેક.
દુ:ખો વિચારૂં તેહનાં, ને વેદના બધી ;
વહે છે નીર ચક્ષુથી, ગયો પ્રભુ મરી. મુજ. ૧.
પ્યાલો હતો કડવો ઘણો, પ્રભુના કોપનો,
રે ! પી ગયો તું સર્વ એ, બચ્યો જરે જરી. મુજ. ૨.
ગજબ ભારી એ હતો, દીસે છે એ નકી ;
પડ્યો નીચે રક્તનો પસીનો, અંગથી ઝરી. મુજ. ૩.
ધીકાર તેં સહ્યો ઘણો, ને માર આકરો ;
સહનતા બહુ દાખવી, તેં મૌનતા ધરી. મુજ. ૪.
ખીલ્લાની તીક્ષણ ધારથી, વીંધાયાં તારાં અંગ.
તુજ ઘાઓથી રૂધીરની, ધારાઓ નીસરી. મુજ. ૫.
જોઇ અનુપમ પ્રેમને, કરૂં છું તારી પ્રીત ;
ચહું ન પાપો હું કદા, હવે પ્રભુ ફરી. મુજ ૬.

---

(૨)

પ્રભુ મજ તારણ દે પતિતોને, તારણ દે પતિતોને ;
પ્રભુ મજ, તારણ દે પતિતોને. ટેક.

પુણ્ય નથી, પ્રભુ, મારી પાસે પાપ ઘણાં મજ માથે ; પ્રભુ. ૧.
નિશદિનના તો બહુ અપરાધે છું અતિ દોષિત સાથે ; પ્રભુ. ૨.
વૈદ્ય નથી, પ્રભુ તુજ વિણ કોઇ, સાજો કર સહુ વાતે ; પ્રભુ. ૩.
સર્વ સમર્થ ખરો, તું ત્રાતા, રાખ મને તુજ હાથે ; પ્રભુ. ૪.
શું કરવું તે કે, પ્રભુ નાથા મૂર્ખ ઘણો છું જાતે ; પ્રભુ. ૫.
તુજ સ્તવનો હું ત્યારે ગાઉં, સંતોની સંઘાતે ; પ્રભુ. ૬.

(૩) મહીદીપ છંદ.

મરણુકાળ મરણુકાળ આવશેજ ભાઇઓ;
છો હજી હયાત ત્યાં, કરો કંઇ ઉપાયો. મરણુ. ૧.

નહી બચો જરૂર વૃદ્ધ, તરૂણુ રંક રાણો;
છૂટશો ન તેહથી, ઉપાય લક્ષ જાણો. મરણુ. ૨.

મેળવ્યું વિશેષ દ્રવ્ય, માલ કે ખજાનો
છોડી તેહ તો જશોજ, હા, જશોજ માનો. મરણુ. ૩.

આવીઆ શું કામ આંહી, ભાઇ એ વિચારો;
કરી કમાઇ કાંઇ કે, ગુમાવીયોજ આરો; મરણુ. ૪.

નકી જવાબ આપવો કરેલ કામનો તો;
નહીં રહે લગાર બીક, ત્રાણુ આજ ગોતો. મરણુ. ૫.

કાલ વાયદો ન રાખતાં, કરોજ આજે;
કેમકે નથી ભરોસો, આજનીજ સાંજે, મરણુ. ૬.

નહીં હશો તૈયાર, મરણુ માટ જો તમો તો;
કાળ બાણુ વાગતાં, વિમાસશોજ તો તો. મરણુ. ૭.

જો ચહો હમેશ સુખ જીવન લાભ શાતા;
તો તૈયાર છે કૃપાળુ, ખ્રીસ્ત ત્રાણુ દાતા. મરણુ. ૮.

---

(૪) ગઝલ.

ઉઠ મુસાફિર કર તૈયારી, અબ તો કુચ્છ દિન ભી નહીં હૈ,
દિલ કહીં દીદ: કહીં, ઔર ઇશ્ક આંખોં મેં નહીં હૈ. ૧

લગ રહા હૈ ચલ ચલાયાં, રાત ઓ દિન ચક્ર્સાં બરાબર,
મૌતકા ડંકા બજે હે, ક્યા તુમ્કે કુચ્છ ગમ નહીં હૈ. ૨.

મૌત ક્યા જાને લડકપન, ક્યા બુઢાપા ક્યા જવાની;
ક્યા અમીરી ક્યા ફકીરી, મૌતકો પરવા નહીં હૈ. ૩.

ક્યા તેરી આંખોંમે અબતક. નીંદ ગફ્લતકી ભરી હૈ,
ભાઇઓ માદર પિદર યાં, કોઇ ભી અપના નહીં હૈ. ૪.

માલ ઓ દોલત શાન ઓ શૌકત, ઇનમેં ધોખા હૈ સરાસર;
સારી દુનયા કોઇ કમાવે, તોભી કુચ્છ હાસિલ નહીં હૈ. ૫.

હૈ શજર પુરખાર–એ–દુનયા, જિન્દગાની હૈ કહાની;
ગમ અલમ માતમ સિવા કોઇ, ઔર ઇસમેં ફલ નહીં હૈ. ૬.

હૈ માર રહમાર દુનયા, જહર કાતિલસે ભરી હૈ,
ઇસકા કાટા કોઇ મુસાફિર, એકદમ જીતા નહીં હૈ ૭.

હે ખુથી ઇસા મસીહ મેં, રાહે હક્ક સાબિર વહી હૈ,
કયોં ફિરે ભટકા મુસાફિર, ઔર તો કોઇ રાહ નહીં હૈ. ૮.

---

(૫)

બહુ દૂર એક લીલો ડુંગર છે, એક શહેરના કોટની બાર;
ત્યાં આપણું તારણ સાધવાને ઇસુ થયો મરનાર. ૧

જે ભારે કષ્ટ તેણે વેઠયું, તેનું ધ્યાન નહિ કરાય,
પણ તેથી આપણો છુટકો છે, એવું નિશ્ચે જણાય. ૨

માનવનું પાપ નિવારણ થાય, પવિત્રાઇ પણ મળે,
એજ આશિષ ખ્રીસ્તના લોહીથી બધાંને વાસ્તે છે. ૩

તે પાપની શિક્ષા એકલો સેવા બળવાન હતો;
તેણે ઉઘાડયું સ્વર્ગનું દ્વાર, આવવાનો હક દીધો. ૪

રે, તેનો પ્રેમ અપાર છે, તેના પર પ્રેમ રાખજો;
તેના પર વિશ્વાસ કર્યેથી તેના જેવા થશો. ૫

પ્રેરિતોનું વિશ્વાસનામું.

સર્વસમર્થ ઇશ્વર જે પિતા, આકાશ તથા પૃથ્વીનો પેદા કરનાર, તેને હું માનું છું. વળી તેનો એકનોએક પુત્ર, અમારો પ્રભુ જે ઇસુ ખ્રીસ્ત તેને હું માનું છું. તે પવિત્ર આત્માને યોગે ગર્ભસ્થાનમાં રહી મરિયમ કુંવારીથી જન્મ્યો, તેણે પોંતિયસ પીલાતની હસ્તક દુઃખ વેઠ્યું, તે વધસ્તંભે જડાયો, તે મરણ પામ્યો, તે દટાયો, ને અદૃશ્ય લોકમાં જઇ ઉતર્યો, તે ત્રીજે દહાડે મુએલાંમાંથી ઉઠ્યો, તે આકાશમાં ચઢી ગયો, ને સર્વસમર્થ ઇશ્વર પિતાને જમણે હાથે બિરાજેલો છે; ત્યાંથી જીવતાંઓનો તથા મુએલાંઓનો ન્યાય કરવા સારૂ તે આવવાનો છે.—વળી પવિત્ર આત્માને હું માનું છું, પવિત્ર સર્વત્રિક મંડળી, પવિત્ર લોકની સંગત, પાપનીક્ષમા, શરીરનું પુનરૂત્થાન, તથા સનાતન કાળનું જીવન, એ વાતો હું માનું છું. આમેન.